Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૯ • તા. ૨૫ ફેબ્રુઆરી થી ૨ માર્ચ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14



## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સમસ્ત મહાજન આયોજીત જ્ઞાતિ જનજાગરણ સંપર્ક અભિયાનની નાગપુર બેઠકની ઝલક




















## સંશોધક શ્રી વીરચંદભાઈ કલ્યાણજી ધરમશી (સુથરી-મુંબઈ)ના પુસ્તક "ભગવાનલાલ ઇંદરજી"ના લોકાર્પણ પ્રસંગે વિદ્વાન મેળાથી પ્રતીતિ થઈ ક.દ.ઓ. પ્રતિભાવંતોની જ્ઞાતિ છે.




સંશોધન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ક.દ.ઓ. વિદ્વાન વીરચંદ ધરમશીના પુસ્તક 'ભગવાનલાલ ઇંદરજી'ના લોકાર્પણને મિસીગન યુનિવર્સિટીના વિદ્વાન પ્રો. થોમસ ટ્રૉટમન, ડો. કપિલા વાત્સ્યાયન, ડાયરેક્ટર જનરલ ઓફ આર્કીઓલૉજી ગૌતમ સેન ગુપ્તા, દિલ્હી યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા પ્રો. કે.એન.શ્રીમાળી, જે. એન.યુ.ના વિદ્વાન પ્રો. હિમાંશુ પ્રભા રાય આદિએ ઉપસ્થિત રહી આદરપૂર્વક વધાવ્યું હતું. જ્ઞાતિ વિદ્વાનની આ સિધ્ધી ક.દ.ઓ. જ્ઞાતિ માટે ગૌરવપૂર્ણ ગણાય.

ભગવાનલાલ ઇંદરજીએ ઇતિહાસના અધ્યયન, ઉત્ખનન તેમજ શીલા લેખો ઉકેલી, ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતા સિધ્ધ કરી, દેશી-વિદેશી વિદ્વાનોનો આદર પ્રાપ્ત કર્યો હતો. શ્રી વીરચંદ ધરમશીનો આ પુસ્તક લેખન પાછળનો હેતુ તેમના યોગદાનની મહત્તા સિધ્ધ કરવાનો છે.





## માનસિક ભલે મંદતા છતાં, એના અરમાન ઉડ્ડાન સતેજ...

### ખેલ મહાકુંભ-૨૦૧૧ની રાજ્યસ્તરે વિજેતા



કુ. ખ્યાતિ વિજય વોરા
(રંગપુર - જામનગર)

# સુખી દામ્પત્ય જીવનના રજતોત્સવ પ્રસંગે હાર્દિક વધામણાં

પરિણયની રેશમ ગાંઠ
૨૩-૨-૧૯૮૭





લગ્ન રજતજયંતિ
૨૩-૨-૨૦૧૨



## સૌ. રાજુલ અને શ્રી ભદ્રેશ મુલજી પટેલ (સાંયરા-મુલુન્ડ)

*સફળ જીવન ઈમારતના કોઈ નકશા નથી હોતા કે નથી હોતી કોઇ રૂપરેખા, એ તો હોય છે ઋણાનુંબંધનનો કોઈ અદશ્ય અજબ તાર-તાંતણું! જેના માધ્યમે જોડાય છે બે જિંદગી કોઈ સંબધોની સરવાણીએ... અને આજે રચાયું છે સુખી લગ્ન જીવનનું રજત જયંતિ મુકામ...*

યાદગાર જીવન સફરના પથપર આપ સૌના અમાપ, અતાગ અને પારાવાર પ્રેમના સથવારે આજે પહોંચ્યા છીએ દામ્પત્ય જીવનના રજતજયંતિ પડાવ... પર. એક મેકનો અતૂટ વિશ્વાસ, પરસ્પર પ્રેમભાવ, મિત્રો-પરિવારજનોનાં સ્નેહ-લાગણી અને વડીલજનોના આશિર્વાદે લગ્ન સંબંધોના સંભારણાને રજતરૂપ આપવા સૌભાગ્યશાળી બન્યા છીએ. આવો જ પ્રેમભાવ અમારી સાથે રહે અને અમારા આ સંબંધોને વધુ સુવાસિત બનાવીએ એજ સંકલ્પ ભાવના.

❋ શુભાશિષ-શુભેચ્છાઓ ❋

માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ સમસ્ત પરિવાર (સાંયરા)
માતુશ્રી વીણાબેન કિશોરભાઈ દોશી સમસ્ત પરિવાર (મોરબી)

# હાર્દિક અભિનંદન ! નાગડા પરિવારનું ગૌરવ...







## ચિ. મેહુલ કિર્તી નાગડા (નલિયા-ખંડવા)

(વસતીપત્રક કુટુંબ ક્રમાંક NLNG-0204)

ચિ. મેહુલે, મુંબઈ યુનિ.થી MBA (Finance)માં ૬૫% મેળવી અમારા સૌનું ગૌરવ વધાર્યું છે. તેમની આ જ્વલંત સફળતા બદલ હાર્દિક અભિનંદન તથા ભાવિમાં ઉત્તરોતર પ્રગતી કરે એજ અંતરના આશિષ...

❋ શુભાશિષ ❋

મમ્મી-પપા : સૌ. દર્શન કિર્તી નાગડા-ખંડવા
કાકી-કાકા : સૌ. રીટા ચેતન નાગડા-ખંડવા
ફઈ-ફુઆ : સૌ. રશ્મી રમેશ લુઠીયા (મુલુંડ-રાયધણધર)
મામી-મામા : સૌ. નિલમ લહેરચંદ મોમાયા (હુબલી-સાંયરા)
બેન-બનેવી : સૌ. રોમા કુણાલ છેડા (મુલુન્ડ-સુથરી)
અને સમસ્ત નાગડા પરિવાર - ખંડવા (એમ.પી.)

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : સવારે ૧૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

# તંત્રી સમીપે : "અનંત છાયા"ના પડછાયા...

છેલ્લાં કેટલાક મહીનાથી મુંબઈ-ઘાટકોપર સ્થિત અનંતનાથજી ટ્રસ્ટની માલિકીની "અનંતછાયા"ની મિલકત પર વિવિધ અટકળો, કિંવદતીઓ અને અફવાઓનાં ઘેરાં વાદળ છવાઈ ગયાં હોય તેવું વાતાવરણ સર્જાયું છે.

એક બાજુ એવો સીનારીયો છે કે જેમાં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ એક તરફ છે ને કેટલાક ભાડુતો બીજી તરફ આમાં ભાડુતોને રીડેવલપમેન્ટ બાદ નવા ફ્લેટમાં કેટલો વધારે એરીયા મળશે, ટ્રસ્ટીઓએ કથિત ડેવલપર પાસેથી પર્યાપ્ત બેન્ક ગેરન્ટી લેવાની જોગવાઈ કરી છે કે કેમ, ભાડુતો માટે કોર્પસ ફંડ અનામત રખાશે કે કેમ તેની સામસામી દલીલબાજી અને પ્રશ્નો થઈ રહ્યા છે. ટ્રસ્ટીઓએ પણ ડેવલપર સાથે થયેલ કથિત એમઓયુ/કરારની વિગતો જાહેર ન કરવાની દૃઢ રટ લીધી છે અને ભાડુતો પહેલાં રીડેવલપમેન્ટ માટે ઈરીવોકેબલ કન્સેન્ટ (પાછી ન ખેંચી શકાય તેવી સંમતિ) આપે, પછી બીજી વાત.. તેવું વલણ અખત્યાર કર્યું છે. ટ્રસ્ટીઓ ભાડુતોને એવી ચેતવણી આપી રહ્યા છે કે અનંતછાયાના મકાનો જર્જરિત થયેલાં છે ને જો ભાડુતો સહકાર નહીં આપે તો રીડેવલપમેન્ટ શરૂ થશે નહીં અને તેથી જો મકાન કે તેનો કોઈ ભાગ તૂટવાથી જાનહાનિ થશે તો તેઓ જવાબદાર નહીં રહે. સામે પક્ષે, કેટલાક ભાડુતોએ પાંચ પાંચ હજાર રૂપિયાનો ફાળો એકત્ર કરી ટ્રસ્ટીઓ સાથે વાટાઘાટ કરવા ઇત્યાદિ સલાહ મેળવવા માટે એક એડવોકેટની નિમણુંક કરી છે તેવા નિર્દેશન છે અને આવી પાછી ન ખેંચી શકાય તેવી સંમતિ ડેવલપરની તરફેણમાં અમે શા માટે લખી આપીએ? ટ્રસ્ટની તરફેણમાં કેમ નહીં? અને પહેલાં અમને એમઓયુ/કરારની નકલ આપો પછી બીજી વાત, તેવી માગણી ને રવૈયો અપનાવી રહ્યા છે. આમાં યે, કથિત ડેવલપરે જે પણ ભાડુત પોતાનો ફ્લેટ સરન્ડર કરશે તેને ચો-ફૂટ દીઠ રૂા.૨૧,૦૦૦ના ભાવે રોકડા ચૂકવવાની ઓફર મૂકી છે ને એકાદ ભાડુતે (પાછળના ૬૪ ફ્લેટમાંથી), તો ૭૫ લાખ રૂપિયા લઈ ડેવલપરને ફ્લેટનો કબજો સોંપી દીધો છે. તેવી વાત પણ ચગી છે. વળી, અનંતછાયાના કમ્પાઉન્ડમાં એવી વાત પણ ખુલ્લેઆમ થઈ રહી છે કે પાછળના ૬૪ ફ્લેટ ધારકોમાંથી ઓછામાં ઓછા ૩૫% ધારકો, અત્યારે કે ડેવલપમેન્ટ થયા પછી નવા ફ્લેટ મળ્યા બાદ તેનું વેંચાણ કરીને અન્યત્ર ચાલ્યા જશે.

આ બધી મડાગાંઠ વચ્ચે ટ્રસ્ટીઓ ટ્રસ્ટ એક્ટનાં કાયદા મુજબ ચેરીટી કમીશનરની પરવાનગી મેળવવા આગળ પગલાં લઈ ચૂકયા છે તેવી પણ કાચી-પાકી માહિતી મળી રહી છે.

આમ જાતજાતની અફવાઓ ને આમને સામનેનાં ચર્ચાચક્રો વેગપૂર્વક ગતિમાન થઈ રહ્યા છે.

જે બીજો સીનારીઓ સપાટી નીચે તરી રહ્યો છે તેમાં જ્ઞાતિના જુના જોગીઓ તેમાં યે ખાસ કરીને અનંતનાથજી ટ્રસ્ટના ભૂતપૂર્વ ટ્રસ્ટી જેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન ટ્રસ્ટ વહીવટમાં નોંધપાત્ર ભાગ લીધો છે તેમજ મુંબઈ મહાજનના ભૂતપૂર્વ અધિકારીઓ વિગેરે અગ્રણીઓ ખાનગી ગૂફ્તેગોમાં એવા સવાલ કરી રહ્યા છે કે ટ્રસ્ટીઓ શા માટે આ વેચાણ કરી રહ્યા છે? તેની જરૂર જ શી છે? અને જો મકાનો જુના થયા હોય તો યે શા માટે ખુદ ટ્રસ્ટબોર્ડમાંથી કે જ્ઞાતિના અગ્રગણ્ય બીલ્ડરોનો સહકાર લઈને ફક્ત જ્ઞાતિજનો માટે જ રહેઠાણો પૂરાં પાડતું રીડેવલમેન્ટ ન કરવું? અને આ સવાલનો જવાબ ટ્રસ્ટીએ પાસેથી ન મળવાથી આ ભૂતપૂર્વ કાર્યકરો મનોમન ધૂંધવાઈ રહ્યા છે.

ત્રીજો સીનારીઓ ઢાંકપિછેડો ઓઢી રહી રહેલા ગુપ્તચર જેવો છે જેમાં કેટલાક જ્ઞાતિજનોએ, અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને પત્રો લખી ટ્રસ્ટબોર્ડની મિનિટસો,

ઠરાવો વિગેરેની નકલો પૂરી પાડવા માગણી કરવા છતાં ટ્રસ્ટીઓએ પત્રોનો જવાબ આપવા સુધ્ધાં વિવેક દાખવતા નથી ન આમ આવી નકલો વિગેરે ન મળવાથી ટ્રસ્ટબોર્ડ વિરૂધ્ધ કાનૂની પગલાં લેવા પ્રાથમિક વિધિઓ પતાવી આગળ વધી રહ્યા છે તેવી વાત પણ બહાર આવી છે.

દરમ્યાનમાં વર્તમાન ટ્રસ્ટબોર્ડ અને મુંબઈ મહાજનના અગ્રણીઓ વ્ય. સમિતિની સભાઓમાં એવી અવિધિસરની જાહેરાત કરી રહ્યા છે કે વર્તમાન પાંચ વર્ષની કાર્યવાહી દરમ્યાન, મહાજન અને ટ્રસ્ટ જ્ઞાતિ માટે રૂપિયા સો-બસો કરોડ જેટલું ફંડ એકત્ર કરી તેને ફીક્સ્ડ ડીપોઝીટ જેવાં રોકાણમાં અનામત રાખી તેના દસેક કરોડ જેટલા વાર્ષિક વ્યાજમાંથી સમસ્ત જ્ઞાતિજનોનો શિક્ષણ, સ્થાસ્થ્ય માંદગી સહાય, રહેઠાણ સહાય જેવા હેતુસરના ઉપયોગ માટે ખુલ્લુ મૂકશે અને આ એકત્ર કરવા ધારેલા ફંડમાં, અનંતછાયાના ઉક્ત કરારને લીધે પાંત્રીસ કરોડ (કોઇક વિશ્વસનીય સૂત્ર મુખ્ય પિસ્તાલીસ કરોડ) ટ્રસ્ટને મળશે તેનાથી શરૂઆત કરીને ટ્રસ્ટીઓ પછીથી ભાંડુપની "અનંતસિધ્ધિ", કાંજુરમાર્ગ કોમ્પ્લેક્સ અને અન્ય મિલકતોના વેચાણ/ડેવલપમેન્ટ કરાર કરશે તેવાં નિર્દેશો પણ મળી રહ્યા છે.

આમ ગુપ્તતા વાદ-વિવાદ ને સંઘર્ષ મુકાબલાની પરિસ્થિતિ સર્જાઇ છે તે જ્ઞાતિ માટે "અનંતછાયા" એ એક ગંભીર ચિંતાનો વિષય બની ગયો છે એટલે આ આખા પ્રકરણના મૂળથી પ્રારંભ કરીએ તો જે કેટલાંક મુખ્ય પાયાના મુદા છે ને નોંધપાત્ર ગતિવિધિઓ છે તેને યાદદાસ્તમાં તાજી કરવી જરૂરી બને છે.

લગભગ ૧૯૬૦-૬૨માં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ (નાયક જેઠાભાઈ, જવેરચંદ પદમશી લક્ષ્મીચંદ લાલજી રામજી ઇત્યાદિ) એ અનંતનાથજી ટ્રસ્ટની વહીવટની હાઈકોર્ટ ૧૯૪૫માં ઘડેલી સ્કીમની કલમ ૧૯(ઓ), જે સાધારણ ખાતાને લગતી છે, તેના ઉદ્દેશ્યોની પુર્તી કરવા માટે, તે વખતે ટ્રસ્ટના સાધારણ ખાતામાં જરૂરી ફંડ ન હોતાં, ટ્રસ્ટના દેરાસર ખાતાના ફંડમાંથી વાર્ષિક ૪% વ્યાજે લોન લઈ અનંતછાયાની જમીન ખરીદ કરી હતી.

ઉક્ત કલમ ૧૯(ઓ)ના ઉદ્દેશો મુજબ સાધારણ ખાતાના ફંડનો ઉપયોગ ટ્રસ્ટીઓ "ગરીબ જરૂરિયાતમંદ" જ્ઞાતિજનોને ભાડેથી રહેણાક જગા આપવાના હેતુસર કરી શકે છે. સ્વભાવિકપણે, ૧૯૪૫માં જ્યારે સ્કીમ ઘડાઈ ત્યારે "ઓનરશીપ"ની પ્રથા ન હોતાં, ટ્રસ્ટીઓ ફક્ત ભાડેથી જ જગ્યા આપી શકે તેવી જોગવાઈ આમેજ થઈ છે.

આ રીતે ખરીદાયેલ "અનંતછાયા"ની જમીન પર પ્રથમ તબકામાં આગળના ભાગમાં ૪૦ ફ્લેટો ધરાવતી બે વીંગના મકાનો બંધાયા ને લગભગ ૧૯૬૪નાં વર્ષમાં જ્ઞાતિજનોને ભાડેથી અપાયા. તે વખતે જે કેટલાક પાંત્રીસેક ભાડુતો, મૂળે ભાંડુપ-ઘાટકોપર જેવા પરામાં જૂની ચાલ સીસ્ટમમાં રહ્યા હતા તેમના રૂમો ટ્રસ્ટીઓએ તેના સંબંધિત મકાનમાલિકો સાથે સમજૂતી કરી પોતાના હસ્તક લઈ અન્ય ગરીબ જ્ઞાતિજનોને તેમની તરફેણની ભાડા ચિઠ્ઠી કરાવી સોંપ્યા અને ઉક્ત પાંત્રીસેક ભાડુતો પાસેથી વધારાના પાંચ-સાત હજારની રકમ લઈ "અનંતછાયામાં ફ્લટો ભાડેથી આપ્યા. આમ તે ટ્રસ્ટીઓને લગભગ ૭૫ જ્ઞાતિજનોની રહેઠાણ સમસ્યા ઉકેલી.

ત્યારબાદ, લગભગ ૧૯૬૬ના વર્ષમાં પાછળના ભાગમાં બંધાયેલ ૬૪ ફ્લેટોની ફાળવણી કરવાનો તબક્કો આવ્યો જે વખતે ચુંટણીઓ થયેલી ને નવું ટ્રસ્ટબોર્ડ અસ્તિત્વમાં આવ્યું જેમાં નવેક ટ્રસ્ટીઓ નવનિર્વાચિત હતા. પણ, આ વખતે ખાસ કરીને આ ૬૪ ફ્લેટોની ફાળવણીની પસંદગી કરવાના મુદ્દે, ટ્રસ્ટીઓમાં તીવ્ર ખટરાગ થયો જે કોર્ટમાં દાવાઓના સીલસીલામાં પરિણમ્યો જેમાં ૧૯૬૭ના વર્ષમાં કોર્ટે આ ૬૪ ફ્લેટોની ફાળવણી બાબતે મનાઈ હુકમ કર્યો. ત્યારબાદ મુખ્ય દાવાની સુનાવણી થઈ જેમાં સામસામા ટ્રસ્ટીઓએ જુબાનીઓ આપી જે દરમ્યાન આ ૬૪ ફ્લેટ માટે આવેલ લગભગ ૪૦૦ અરજીઓમાંથી ૮૦% જેટલા અરજદારોની ઉક્ત કલમ ૧૯ (ઓ) અનુરૂપની ("ગરીબ અને જરૂરીયાત"ના માપદંડોને અનુલક્ષીને) લાયકાત-ગેરલાયકાત ઠેરવવાના મુદે દીર્ઘ ઉલટ તપાસ થઈ. ને તે પ્રમાણે તે મુદ્દે બંને પક્ષોના વકીલોએ અઢળક દલીલો પણ કરી. છેવટે કોર્ટે વર્ષ ૧૯૭૧માં ચૂકાદો આપતાં, બહુમતી ટ્રસ્ટીઓએ ઉક્ત ૬૪ ફ્લેટોની કરેલ ફાળવણી/પસંદગી રદબાતલ જાહેર કરી અને ચાલુ રહેલા ટ્રસ્ટીઓમાંથી સાત ટ્રસ્ટીઓને ટ્રસ્ટીપદથી દૂર કરતો હુકમ કર્યો. આ ચૂકાદામાં અને તે પછી હાઇકોર્ટમાં થયેલ અપીલમાં અપાયેલ ચૂકાદામાં ટ્રસ્ટ સ્કીમની ઉક્ત કલમ ૧૯ (ઓ) ના હેતુસર જ અનંછાયાની જમીનનો ઉપયોગ થઈ શકે તે મુદ્દાનું પ્રતિપાદન થયું છે. તેની સાથોસાથ નામદાર હાયકોર્ટે ઉક્ત અપીલમાં કરેલ હુકમ મુજબ ટ્રસ્ટીઓએ આવેલ અરજીઓમાંથી લોટ કાઢીને એટલે કે લોટરી પદ્ધતીથી ૬૪ ફ્લેટોની ફાળવણી કરવી પડી હતી અને આમ સાતેક વર્ષ સુધી બંધ-બંધિયાર પડેલા ૬૪ ફ્લેટો જ્ઞાતિજનોને ભાડેથી અપાયા જે માટે તેમને કોઈ રકમ (ત્રણ મહિનાના ભાડા જેટલી ડીપોઝીટ

સિવાય) ચૂકવવાની ન હતી. અલબત, તે પછી તેમાંના ૩૫% જેટલા ભાડુતો પોતાના ફ્લેટ અન્ય જ્ઞાતિજનો પાસેથી કિંમત લઈને છોડી ગયા છે. અને ટ્રસ્ટીઓએ પણ આ નવા ભાડુતોને જરૂરી કાર્યવાહી કર્યા પછી સ્વીકારી લીધા છે.

આ પૂર્વભૂમિકાના સંદર્ભમાં ખાસ કરીને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને અનંતછાયાના ભાડુતો, જ્ઞાતિહિતની દૃષ્ટિએ, કોઈ પણ પૂર્વગ્રહ વિના અને પ્રતિષ્ઠાનો વિષય બનાવ્યા વિના કેવી ભૂમિકા ભજવી શકે તે વિચારીએ.

સૌ પ્રથમ તો, "અનંછાયા"નો પ્રશ્ન ફક્ત ટ્રસ્ટીઓ અને ભાડુતો વચ્ચેનો જ છે કે ટ્રસ્ટીઓએ આ મિલકતનો વહીવટ કઈ રીતે કરવો તે અંગે તેમની મુનસુફી પ્રમાણે જ નિર્ણય લઈ શકાય છે કે કેમ તેવી સીમિત વિચારસરણીમાંથી સૌ સંબંધિતોએ બહાર આવવું જોઈએ અને અનંતછાયાની મિલકતના લાભાર્થીઓ તો મુંબઈ મહાજનની હદમાં વસતા દહાણુ, કલ્યાણ, રાયગઢ સુધીના સઘળા જ્ઞાતિજનો પણ છે અને તે સમસ્ત જ્ઞાતિ માટે મહત્વ ધરાવે છે. તે હકીકતનો સૌએ સ્વીકાર કરવો જોઈએ.

આ પરિપ્રેક્ષ્યમાં વર્તમાન ટ્રસ્ટીઓએ એક જાહેર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પાસેથી અપેક્ષિત છે અને કાયદેસર રીતે પણ જરૂરી છે તે રીતે ઉક્ત જમીન સંબંધીના મૂળભૂત પાયાના પરિબળો પર દુર્લક્ષ સેવ્યા વિના કાર્યવાહી કરવી જોઈએ. આ પ્રમાણે સાધારણ ખાતાની ઉક્ત કલમ ૧૯ (ઓ) અંતર્ગત "ગરીબ", "જરૂરિયાતમંદ" જ્ઞાતિજનોને ભાડેથી રહેઠાણ આપવાની જોગવાઈમાંથી કાનુની વિધિ પૂરી કરીને માર્ગ કાઢવો જોઈએ.

વર્ષ ૨૦૦૪-૦૯/૧૦ દરમ્યાન ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ આ માટે, ટ્રસ્ટની સ્કીમમાં અન્ય કલમોમાં કેટલાક સુધારા ઉપરાંત) ઉક્ત કલમ ૧૯(ઓ)માં, રહેઠાણો ઓનરશીપ ધોરણે પણ આપી શકાય તેવી રીતે સુધારાઓ સૂચવેલા ને મુંબઈ મહાજન પર મંજૂરી માટે મોકલેલા. પરંતુ તે પછી આ સુધારાઓને કાયદાકીય રીતે અમલમાં લાવવા માટે જરૂરી કાર્યવાહી થઈ નથી જે એક ગંભીર બાબત છે. તાજેતરમાં મુંબઈ હાઈકોર્ટના જે બે ચૂકાદાઓ આવ્યા છે તેમાં આવા પાયાના મૂળભૂત મુદ્દાઓ પર સંબંધિત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા દુર્લક્ષ સેવાયું હતું. અને ટ્રસ્ટીઓએ અન્ય જરૂરી માહિતી રજુ ન કરવાના કારણસર અને સંબંધિત ટ્રસ્ટીઓએ તેમના ટ્રસ્ટની મિલકતો વેચાણ કરવા ચેરીટી કમીશનરની જે પરવાનગી મેળવેલ તે રદબાતલ ઠેરવી, ખરીદ કરનાર બીલ્ડરની નિમણુક રદ કરી નવેસરથી વેચાણ કાર્યવાહી કરવા હુકમો કર્યા હતા. એટલે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જે કોઈ કાનૂની ઉણપો ને ક્ષતીઓ હોય તે અંગે પૂરેપૂરી ચકાક્ષણી કરી જરૂરી કાર્યવાહી કરે તે પણ એટલું જ અગત્યનું છે.

ટ્રસ્ટીઓએ એ વાતનો પણ ખ્યાલ રાખવો જોઈએ કે તેમણે લીધેલ કોઈ પગલાથી જ્ઞાતિમાં નાહકના કે બીનજરૂરી તર્કવિતર્કો ફેલાય તેવી પરિસ્થિતિને ઉત્તેજન ન મળે. તેથી જ, આજે પાંચેક મહીના થયા પણ કથિત ડેવલપર સાથે કેવા પ્રકારનો એમઓયુ/કરાર કર્યો છે તેની માહિતી ટ્રસ્ટીઓ શા માટે ગુપ્ત રાખી રહ્યા છે તેનાં સમર્થનમાં કોઈ પણ વ્યાજબી કારણ આપી શકાય તેમ નથી.

એ પણ ન ભુલાવું જોઇએ કે, ફક્ત ખાનગી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને જ તેમણે લીધેલા નિર્ણય વિષયક ઠરાવ-મિનિટસ્ જેવી માહીતિ જાહેર કરવા ફરજ પાડી શકાતી નથી. અલબત, યોગ્ય કિસ્સામાં એ ખાનગી ટ્રસ્ટના લાભાર્થીઓને પણ આવી માહીતિ પૂરી પાડવા ટ્રસ્ટીઓ માટે કાયદેસર રીતે બંધનકર્તા બની શકે છે.

વર્તમાન ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો માટેની બેએક વર્ષ પહેલાંની ચૂંટણી યોજાઈ તે પૂર્વે તેમણે મતદારો એટલે કે મુંબઈ મહાજનની હદમાં વસતા જ્ઞાતિજનોને જે અપીલો કરી હતી અને જાહેરાતોમાં જે રજુઆત કરવામાં આવી હતી તેને અનુલક્ષીને જ્ઞાતિજનોએ એવો વિશ્વાસ રાખ્યો હતો કે આ ટ્રસ્ટબોર્ડ ટ્રસ્ટની મિલકતોનાં રીડેવલપમેન્ટના પ્રોજેક્ટ કરશે તે જ્ઞાતિના બીલ્ડર-ડેવલપરોના સહકારથી, જ્ઞાતિના સાધનોથી અને જ્ઞાતિ માટે જ કરશે અને તે અને તેવી અન્ય યોજનાઓ સંપૂર્ણ પારદર્શિતાથી કરશે.

આ તરફ અનંતછાયાનાં ભાડુતોએ પણ એ ન ભુલવું જોઈએ કે રીડેવલપમેન્ટની સ્કીમમાં તેમને નવા મકાનમાં ઓનરશીપના ધોરણે જ ફ્લેટ મળવાના છે તેને લીધે આપોઆપ ૩૩થી ૪૦% જેટલો વધારાનો એરીઆ તેમને મળી જશે કારણકે સામાન્યરીતે એક ભાડુત પોતાની જગ્યા-બીજાને નામે (ભાડા ચિઠ્ઠીથી) ફેરવવાની ઇચ્છા રાખતો હોય ત્યારે મકાનમાલિક ઉક્ત ૩૩ થી ૪૦% (ઓછામાં ઓછા) ટ્રાન્સફર ફીના લેતા હોય છે, જે શિરસ્તો વર્તમાન ટ્રસ્ટબોર્ડ પણ અન્ય ભાડુતોના કિસ્સાઓમાં અપનાવ્યો જ છે. એટલે જ, અનંતછાયાના ભાડુતો ૧૫% કે ૨૦% જેટલો વધારાને એરીઆ માગી રહ્યા છે તેના વ્યાજબીપણાની વિચારણા કરતી વખતે એ યાદ રખાય કે, ૧૦૪ જેટલા ભાડુતો જે પણ વધારાનો

એરીઆ માગી રહ્યા છે. તેમાંથી જ્ઞાતિ માટે પચ્ચીસેક ફ્લેટ બની શકે છે જે કાં તો જરૂરિયાતમંદોને રાહતના દરે અથવા જેમને પરવડી શકે તેવા જ્ઞાતિજનોને બજારભાવે કિંમત લઈને આપી શકાય છે.

તે વાતનો પણ ભાડુતો એક જ્ઞાતિજન તરિકે જે જ્ઞાતિના વિશાળ હિતમાં ખ્યાલ રાખશે તેવી અપેક્ષા જ્ઞાતિ તરફથી રખાય છે.

અન્યથા જ્ઞાતિના દૂરગામી વિશાળ હિતમાં એવું સુચન પણ અમલમાં મૂકી શકાય કે ભાડુતોને ઓનરશીપ હક મળતા હોય તો યે તેમની સાથેના કરારમાં એવી જોગવાઈઓ હોવી જોઈએ કે કોઈ પણ ભાડુતને પોતાનો ફ્લેટ ભાડેથી આપી શકે નહીં કે કોઈ પણ ભાડુત કે ફ્લેટમાલિક પોતાના ફ્લેટનું પાંચ વર્ષ સુધી વેચાણ કરી શકે નહીં અને જ્યારે પણ તેવો વેચાણ કરવું હશે ત્યારે તે ટ્રસ્ટીઓની પૂર્વપરવાનગી લીધા બાદ આપણા જ જ્ઞાતિજનને વેંચી શકશે અને તે વખતે રેડી રેકનર (રાજ્ય સરકાર દર વર્ષે મુંબઈ ઇત્યાદી શહેરો/મહાનગરોના જુદા જુદા વિસ્તારની જમીન, ફ્લેટો, દુકાનો ઇત્યાદિના બજાર કિંમતના દરની સૂચિ બહાર પાડે છે જે અનુસાર દસ્તાવેજ પર સ્ટેમ્પ ડ્યુટીની અને ઇન્કમ ટેક્ષ કાયદા હેઠળ પણ કેપીટલ ગેઈન ટેક્ષ જેવા મુદ્દે આકારણીઓ કરાય છે.) માં દર્શાવેલ દર મુજબ થતા બજાર કિંમતના ૨૫% થી ૩૦% ટ્રાન્સફર ફી ટ્રસ્ટને ચૂકવવી પડશે.


આ મુદ્દે, અત્રે ઉલ્લેખનીય છે કે કાંજુરમાર્ગના અનંતનાથજી કોમ્પ્લેક્ષમાં ફ્લેટધારકોએ કો-ઓપરેટીવ સોસાયટી બનાવી ત્યારે ટ્રસ્ટીઓએ રજીસ્ટ્રાર સમક્ષ જરૂરી રજુઆત ને કાર્યવાહી ન કરવાને લીધે, આ ફ્લેટધારકોના ટ્રસ્ટ સાથેના મૂળ કરારમાં ટ્રસ્ટની ને જ્ઞાતિ હિતની દૃષ્ટિએ જે જોગવાઈઓ હતી તેનું ઉલ્લંઘન થયું છે અને તેને પરિણામે ત્યાંના ફ્લેટધારકો ધારે તો જ્ઞાતિબહારના ઇચ્છુક ખરીદનારને પણ પોતાના ફ્લેટ વેચી શકે છે તેવી પરિસ્થિતિ થઈ છે. તેથી ભાડુતો સાથ ટ્રસ્ટીઓ અને ડેવલપરના જે કરાર થવાના છે તેમાંની જોગવાઈઓ સમસ્ત જ્ઞાતિહિતના  દૃષ્ટિકોણથી રખાય તે જરૂરી છે.

છેવટે, મુદ્દા પર આવીએ તો, વર્તમાન ટ્રસ્ટીઓએ "અનંત છાયા" માટે નવેસરથી ઓફરો મંગાવવાની વિધિવત કાર્યવાહી કરી છે ત્યારે જે ઓફરો આપી તેમાંથી યોગાનુયોગે, છેલ્લા ટ્રસ્ટબોર્ડે જે ડેવલપર સાથે એમઓયુ કરેલ તેની સીસ્ટર કન્સર્નની પણ ઓફર આવેલ હતી તેની સાથે વ્યવહારૂ અભિગમ અપનાવીને વર્તમાન ટ્રસ્ટીઓએ વાટાઘાટો કરી અને તેની ઓફરને, પૂર્વેના ટ્રસ્ટીઓએ નવેક કરોડ જેટલી કિંમત ઠેરવી હતી તેના કરતાં અનેકગણી વધારે-પાંત્રીસ-પિસ્તાલીસ કરોડ સુધી ઊંચી લાવવા સફળ રહ્યા છે અને આમ છેલ્લા ટ્રસ્ટબોર્ડ વખતના ડેવલપર અને ટ્રસ્ટ વચ્ચેના સંભવિત કોર્ટ સંઘર્ષને ટાળ્યો છે. આ ઉપરાંત, ચેરીટી કમીશનરમાં આ પ્રસ્તાવિત કરાર મંજુર થાય તે પહેલાં જે વિધિ થશે તેમાં અત્યારે નક્કી થયેલ કિંમત હજી પણ વધવાની શક્યતા છે કારણકે જેમની અન્ય ઓફરો આવી હતી તે બીલ્ડર-ડેવલપરો અને બહારના ઇન્ટર વીનરોને પણ ચેરીટી કમીશનર દ્વારા તક અપાશે જેથી જેટલી વધારી શકાય તેટલી વધારે રકમ અને અન્ય શરતો/કલમોને અનુલક્ષીને સર્વોતમ ઓફર જ આખરી બનશે. આ પ્રક્રિયા દરમ્યાન જ્ઞાતિના અન્ય બીલ્ડર ડેવલપર એકલા કે જ્ઞાતિના સભ્ય બીલ્ડરો સાથે સીન્ડીકેટ બનાવીને શ્રેષ્ઠતમ કિંમત ટ્રસ્ટને અપાવી શકે છે. તે ઉપરાંત, એવી માહિતી પણ છે કે વર્તમાન એમઓયુમાં એવી જોગવાઈ છે કે અનંતછાયાની જમીનની માલિકી અનંતનાથજી ટ્રસ્ટની જ રહેશે, કારણ કે પાછળના ભાગમાં ડેવલપર ફ્રી સેલ માટેનાં જે મકાન/ટાવર બનાવશે તેની સંલગ્ન જમીનનો ભાગ લીઝ પર અપાશે અને મુખ્ય રસ્તાથી ત્યાં પહોંચવા રાઈટ ઓફ વે ની સગવડ અપાશે.

એટલે ટ્રસ્ટીઓએ જ્ઞાતિહિત વિરૂધ્ધની કોઈ કાર્યવાહી કરી છે તે મતલબના વિવાદ કે આક્ષેપો સદંતર અર્થહીન છે.

તેમ છતાં વર્તમાન ટ્રસ્ટીઓએ એ વિવેક બિલકુલ ન ચુકવો જોઈએ કે જે જ્ઞાતિએ તેમને ચુંટયા છે તેને, એમના નિર્ણયો, ઠરાવો, ઇત્યાદિ બાબતે જાણકારી મેળવવાનો પૂરેપુરો હક છે. તે સિધ્ધાંત ને કાયદાકીય જોગવાઈને આધારે કોઈ માગણી કરાય તે પહેલાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનના અધિકારીઓ તરિકે તેમણે સામે ચાલીને, આજે જ્યારે તેઓ પોતાની કાર્યાવધિના બે વર્ષ પૂરાં કરવાના આરે છે ત્યારે તો ખાસ, ન કેવળ અનંતછાયા બાબતે પણ ટ્રસ્ટની ભાંડુપ, કાંજુરમાર્ગ, મસ્જીદબંદર સ્થિત અન્ય મિલકતો બાબતે અને અન્ય કોઈ પણ પ્રસ્તાવિત યોજનાઓ હોય તે માટેની સંકલિત માહિતી (ડેટા બેઝ), પરિબળો, ઉદ્દેશો સહિતની વિગતે પારદર્શકતાપૂર્વક પ્રસ્તુતિ કરી જ્ઞાતિને વિશ્વાસમાં લે જેથી અનંતછાયાના કે અન્ય કોઈ પ્રવૃતિના શંકા-કુશંકાનાકોઈ પડછાયા ન પડે અને અનંતનાથ દાદાની શીતળ છાયા જ્ઞાતિપર સદૈવ છવાયેલી રહે.

**- રા.**




Jai Jinendra,

The elections for the municipal corporations in the major cities in the state of Maharashtra concluded last week but the voter turnout left a lot to be desired. Despite all the clamor about the power of voting and the need to bring transparency in the political process, very few actually went to give the test, that is to vote for the right candidate. This brings out some of the basic flaws in the human behavior, laziness, indifference and lack of confidence in oneself to bring about a change in the system. If we want to succeed in life, we have to get out of these drawbacks apart from inculcating other different virtues. And as far as the elections go by, all is not lost. Ensure people around you tweak their schedules to vote the next time round since the general and the state assembly elections are not far away.

I would want to convey my best wishes to all those who will be appearing for the most crucial exams of your academic careers in the next two months. Expectations to perform as per the standards you have set in the past and the standards your peers have set bring a lot of stress on young shoulders. But it is essential to understand that the right amount of stress will keep you on your toes and help you perform better but if the stress is too low, you will fail to stretch yourself to achieve your true potential and if the stress is too high, most of your time will be spent combating that stress rather than focusing on what you want to accomplish. Every test, be it your school examinations or your first assignment at work is a result of the hard work, which you have put in over the past to reach the position, you are in. It would be foolish to let your performance drop at the key moment because of stress. It would be like the marathon well only to drop out at the finishing line. Guard against it.

***- Hitanshu Shah (hitanshucshah@gmail.com 9821242211)***

## YOUTHS... (A Few Views)

**(OF A B.Sc. IT STUDENT)**

THE YOUTH HAVE found a new voice that cannot be silenced." Assuming that the youth rarely vote, politicians hardly give much attention to the young demographic. So when a frail old man in a Gandhi cap started a fast unto death, many were shocked to see the extraordinary response from the youth.

This isn't just an Indian phenomenon. The youngsters of the world today are looking at the internet as platform to make themselves heard. Thousands of young Indians too, unwilling to accept the status quo of corruption, have rallied ardently and have sought to continuous online activism. While anti-corruption efforts have been thwarted in the past, this generation of Facebook loving youngsters isn't about to give up without a fight.

„

The youth have found a new voice that cannot be silenced. Any neta, that doesn't appreciate or even comprehend this new reality, is sure to be met with loud calls of protest.

**(OF PRINCIPAL OF A COLLEGE)**

choose from an array of options, unlike

earlier when choices were limited to arts, commerce and science. Unlike the BMM courses available today, earlier there was nothing like a specialization in mass media. Options like these help them make practical career decisions at a very young age. Initially, it was all about written exams but today, these courses require students to speak up and challenge critical thinking.

Another change in the youth is their strong organizational skills. A notable example is that of college fests. Students today have taken college fests to new heights. They are now more commercialized and aesthetic. A combination of practical learning and fun, it teaches them team work, marketing, healthy competition and ethics. They also make the best of what technology has to offer.

In conclusion, I strongly believe that `new India' is being built in our schools and colleges. The youth of today has put their best foot forward and is ready to learn, take risks and move on.

**(OF MR. MOKSH JUNEJA)**

Professor and founder, Avignyata Inc, Social Media Marketing Consultancy' I believe in the youth and their power at large. They realize the importance of education, continuous learning and multiple skill sets. Youth, these days, study and work at the same time and sometimes, take a break because they want to acquire a whole new skill set.

Money is important to them, but more important is satisfaction and self-respect. They have set and thoroughly researched goals. I request parents to be patient, because every child has a skill that needs to be nurtured and not buried under expectations. Their perspective to life has considerably widened, thanks to mass media and the overall exposure they receive. They are in search of an opportunity to implement ideas that can bring about a paradigm shift in society.

Technology has given them the power to communicate at the click of a button. They broadcast messages, share content and stories and even host causes through mediums like BBM, Facebook or a simple 140 character tweet. Idols have changed too. Mark Zuckerberg and steve Jobs are ruling the global scene, while a small town lad turned captain of the

Indian cricket team, Mahendra Singh Dhoni, is a popular local hero.

Despite living nuclear families, they make efforts stay connected to even their distant families through Facebook. Change has been the sword for a while now and it is the youth, who has the Power to bring about this change. Believe in them,

(OF Mr. SUMA NARAYAN :- English professor, Mithibai College)

Among the seven stages of man that the Bard of Avon discussed length, youth comes somewhere around the third and the fourth. Here, Shakespeare pictures the young man as being perpetually in love and of a slightly older version "seeking the bubble reputation even in the cannon's mouth." Both these


**સનસીટી ડેવલપર્સ–ભુજ**

**સનસીટી–૧**

**એકવીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1182 | ટાટા નેનો | કિશોરબા રઘુભા જાડેજા-અંજાર | સુરેશભાઈ પંડયા |

કોમ્પ્યુટર સેટ : ૧૯૫૩, હેન્ડીકેમ કેમેરો : ૧૭૧૨, ફ્રિઝ ૨૩૦ લિ. ૨૫૮, આટા મેકર : ૯૧૧, ફ્રિઝ : ૬૪૪, ટીવી ૨૦" : ૧૦૭૮, વોશીંગ મશીન : ૮૩૩

**–: આશ્વાસન ઈનામો :–**

(૪ થી ૫ ઓવન) : ૭૬૩, ૧૬૨૪
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૭૩૫, ૬૪૨, ૧૫૪૧, ૨૫૮, ૫૩૩
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૨૬૦, ૯૦૦, ૧૧૭૩, ૮૩૯, ૧૪૩૪
(૧૬ થી ૨૫ સેન્ક્વીચ મેકર) : ૭૫૯, ૮૦૦, ૧૪૧, ૫૯૬, ૧૧૦૮, ૧૮૭૩, ૧૮૮૦, ૨૫૬, ૧૭૭૭, ૧૪૪
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૫૪, ૧૭૮૫, ૪૭૦, ૩૩૬, ૧૨૧૬, ૪૩૬, ૧૩૪૪, ૧૪૬૩, ૧૩૯૮, ૧૩૮૬
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૫૧૮, ૧૦૬૫, ૫૦૪, ૧૩૬૪, ૧૧૦૩, ૧૬૨૮૨, ૧૧૫૮, ૬૧૧, ૧૫૪૮, ૯૦૮
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૪૮૩, ૨૨૩, ૧૬૪, ૧૬૭૨, ૧૭૯૮, ૭૧૫, ૪૬૩, ૪૭૨, ૧૩૮૪, ૧૫, ૧૧૫, ૧૩૧૫, ૧૩૬૫, ૧૨૩૯, ૪૯૫, ૧૮૫૨, ૧૭૯૯, ૯૨૩, ૧૩૯૦, ૧૮૨૬
(૬૬ થી ૦ હેન્ડ બ્લેન્ડર) : ૩૬૨, ૧૯૧૨, ૩૮૪, ૩૪૮, ૧૪, ૧૮૮૨, ૪૨૯, ૪૪૭, ૬૪૦, ૧૦૩૭, ૩૯૫, ૪૨૭, ૮૧૪, ૧૫૮૭, ૪૪

**બાવીસમી મિટિંગ તા.૯-૩-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99065 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

# આદરાંજલી



## હેમરાજ શામજી વિસરીયા

**કોટડા (રોહા) ● મુલુંડ**

અરિહંતશરણ, બુધવાર, તા. ૨૨-૨-૨૦૧૨ (ઉં.વ. ૯૦)

**સહજ, સરળ સ્નેહ ભર્યું વ્યકિતત્વ.... જીવનની દરેક ફરજો પ્રત્યે દાખવ્યું કર્તુત્વ.....**

**સહજ વણાયું જીવદયા સહ જૈન ધર્મનું તત્વ..... અરિહંતશરણે થિર શાંતિ સહ પામો પરમ તત્વ.**

સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી હેમરાજભાઈએ બહેનાની પ્રવૃત્તિઓને જીવનકાર્ય બનાવ્યુ હતુ

એમને સાચી શ્રદ્ધાંજલી બહેનાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને આપી શકાય.

**બહેના** નિરાધાર પશુ-પક્ષીઓ માટે મફત વૈદકીય સારવાર **ત્વચાદાન** ચક્ષુદાન જીવદયા

**'બહેના' સંચાલિત**

**માતૃશ્રી વાલબાઈ મુલજી શાહ (સણોસરા) સર્વાંગી વિકાસ કેન્દ્ર**

રામગઢ, ગૌશાળા રોડ, પુરૂષોત્તમ ખેરાજ રોડ અને ગૌશાળા રોડના જંકશન પાસે, મુલુંડ-પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૮૦

**e-mail:bahena@email.com ફોન : ૨૫૬૮૯૯૯૯**

## બહેના પરિવાર અને સૌ સ્વજનો વતી
## સુંદરજી મુલજી નાગડા (સણોસરા)

describe the youth of today.

The state board has introduced this delightful concept of the `oral' exam as different from the `written' exam, which was, till two years ago, the sole deciding factor of a student's grade in languages. The reason why I call it `delightful' is that it is for the first time, in the whole year, that I see kids who are supposed to be my students. Secondly, what they Say in response to certain questions are a revelation in themselves.

I have come to know students, who teach kids who can't afford to go to school, who spend time working at old age homes, who train children in dance and coach them in sports, all free of charge and without any desire for publicity. Owing to the blitzkfieg of information provided by the media and the internet, young people are all working and studying at the same time.

Despite what is said about them, teenagers and young people are neither world-weary nor totally cynical and blase. Most of them are strong, clear-headed and know exactly what they want in life. We exactly what they want in life. We are not talking about "wading thru' slaughter to the throne" here. We are talking about a swathe of society that thinks through causes and consequences, that yearns for financial and emotional independence and are not afraid of standing up and being counted. A case in point is the phenomenal success of the `Meter Jam' campaign in Mumbai and the `Pink Chaddi' campaign in Delhi.

Youth also wields a different kind of power now. They lubricate the machinery that contributes largely to the power of the cliched and overused words,' India shining', supposed to describe the `India phenomenon'. Heads of institutions, academic and otherwise are getting younger. Hopefully, politicians will follow suit. Most of the Indian tourists you met on trips abroad are young people, compared to the droves of tourists from other countries. Like Bruce Almighty, they "have the power."


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

ગુરૂવાર બંધ



**સનસીટી ડેવલપર્સ-ભુજ**

**સનસીટી-૨**

**નવમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઇનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1419 | ટીવીએસ વીક્ટર | વિજય કે. ચેલાણી-ગાંધીધામ | અઝહર-વિજયભાઈ |

(કોમ્પ્યુટર) : ૭૩૯, (હેન્ડીકેમ કેમેરો) : ૧૫૪૮, (ફ્રિઝ) ૧૬૦૮, (આટા મેકર) : ૧૭૦૬

**-: આશ્વાસન ઇનામો :-**

(૧ ફ્રીઝ) : ૮૩૯ (૨ ટીવી) : ૧૯૬૩ (૩ વોશિંગ મશીન) : ૮૬૯ (૪ થી ૫ ઓવન) ૭૫૬, ૬૭૮ (૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૭૩૦, ૧૫૩૯, ૧૪૦૬, ૧૬૦૪, ૧૫૦૯ (૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૧૯૫૮, ૧૧૭૬, ૮૯૭, ૧૩૧૬, ૪૧૬ (૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૧૨૩૫, ૫૩૩, ૫૮૮, ૧૯૭, ૧૪૫૬, ૨૨૩૫, ૯૧૩, ૧૦૮૧, ૫૫૮, ૮૧૫ (૨૬ થી ૩૫ સોડા મેકર) : ૬૧૮, ૧૩૩૮, ૧૫૦૭, ૧૧૪૨, ૯૩, ૧૩૫૮, ૧૦૫૬, ૫૫, ૬૯૬, ૧૦૧૪ (૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૯૪૯, ૭૧૫, ૯૯૨, ૯૯૦, ૮૧૧, ૧૫૨૬, ૧૬૯૯, ૧૫૨૨, ૭૬૬, ૨૨૨૬ (૪૬ થી ૬૫ મિક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૪૬, ૨૧૭૩, ૧૫૮૯, ૭૩, ૧૪૭૨, ૮૨૯, ૧૫૭૦, ૧૬૮૩, ૧૨૭૨, ૧૮૮૨, ૮, ૧૮૮૯, ૧૧૮૭, ૧૧૨૬, ૧૦૧૭, ૯૫૬, ૭૨૫, ૧૬૩૬, ૫૫૪, ૬૨૮ (૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૬૦૫, ૪૫, ૧૬૨૮, ૧૦૨૩, ૫૦, ૧૯૬૭, ૧૧૧૯, ૨૨૩૨, ૧૧૨૦, ૫૫૬, ૧૭૩૦, ૨૧૧૧, ૯૬૨, ૧૨૯૯, ૧૮૪૦

ભુલચુક ક્ષમ્ય છે - ઇનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

## TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road, Chalisgaon- MH. 424101.

### INTERESTING ANECDOTES

### GOD DRAWS GREAT SOULS TO HIMSELF

Lord Mahaveera was a detatched person from the very beginning. One day he expressed his desire to renounce the world. His parents were shocked. “How can you forsake your dear parents in their old age. You must serve them and pay off the debt towards your mother and father," said they. Mahaveera kept quiet. After a few years when his father died, he went to his mother and brothers and said, "I am totally dejected. I find no pleasure in wordly objects. I wish to take up sanyasa and realize the truth .. ie God. Kindly bless me and allow me to renounce the world.

"Do not talk of that. You have to serve your old mother.. Now your father is no more, you have to stick to the family and do all that is possible to make them forget their sorrow."

A few more years passed. A day came when Mahaveer's aged mother breathed her last. Mahaveera was still living with the bereaved family but everybody felt that he was not living with them. He would talk to none ask for nothing, crave nothing. He would neither laugh in pleasure nor cry in pain. He had withdrawn himself completely from the world and lived within himself. He is not here. He has already gone. Why do you stop him. Allow him to go where he lists. You have no claims on him any longer." Said the family members. Mahaveer left the home unchecked. Conclusion; human soul is related to God alone.

### Proverbs are lamps to life

Always follow the path followed by the great men

• An ideal family turns a house into home and love turns a home into heaven.

• If you are comfortable with yourself, you will be comfortable anywhere.

### Amazing facts

The land mass of Antartica is barren of life the driest of all continents. But the sea around antartica is the most productive of all the biological areas of the world.

• Antartica, which covers an area of 14,000,000 square kilometres doubles in size during winter months.

• Most of the ice sheets of Antartica lie 20004000 metres above sea level. The peaks of some of the rocky mountains rise 3000 metres above ice sheets.

• If all the ice of Antartica melts, the oceans of the world will rise by about 50 metres, flooding many lands.

### AMAZING FIGURES

The bird shaped island of new guinea in south west pacific ocean has nearly 1000 tribes speaking nearly 700 different languages. The population of the island is about 2.5 million. The people are scattered over 600 islands that are rich in natural resources. New guinea is the second largest island in the world.

### BYE THE BYE

The mind is like milk. If you keep the mind in the world, which is water, then the milk and water will get mixed. That is why people keep milk in a quiet place to let it set into curd and then churn butter from it. Likewise, through spiritual discipline practised in solitude, churn the butter of knowledge and devotion from the milk of the mind. Then that butter can be easily be kept in the water of the world. It will not get mixed with the world. The mind will flow detatched on the water of the world.

***- Sri Ramakrishna Paramhnsa.***

### WORD POWER

This week, prize goes to Darshana Harish Gosar (Karanja) for her 400 words from the phrase `Beautiful and talented' congratulations Darshana. Thank you readers for the unseen entries for the new word game. The results will be announced shortly.

## INTERESTING ANECDOTES

### No work is low

The train stopped at a small station in west Bengal. The passengers came out of the compartments with their luggage in their hand. They were all villagers and in the habit of carrying their loads themselves. As you know, the main occupation of village people is farming. Farming requires hard toil and labour. A farmer levels the soil, digs it, sows seeds, does hoeing, watering, ploughing, etc. when the crop is ripe, he harvests it, stores his grains safely. Later he takes them to the market for sale. With the proceeds, he meets his daily needs and offers thanks to god.

Soon the railway station was empty. All passengers had gone out except a young man. He appeared to be a town dweller as he was wearing English trousers and a modern jacket. He had cigarette in his mouth and a small suitcase in his right hand. He placed it on the platform, looked on both sides and uttered urgently, " coolie, coolie". None came forward because that small village station had no use for a porter.

The young man lost his patience and began to curse the railways for being careless about passenger's comfort. A middle aged sober gentleman walked to this young man and said, well dear, I find you in trouble. You have this small suitcase and you cannot carry it. May I help you ?

He did not wait for the young man's reply. He picked up the suitcase and headed for the exit. "This is a small village. There is no coolie on this station. All help themselves here." The young man replied," I have come to collect specimens of plants which grow in this area. I shall finish my job during the day and return in the evening to my home town. And pray, you should introduce yourself. You are a nice person who has helped me."

The gentle person smiled and said, well son, they call me Ishwar Chandra Vidhyasagar. I am a mere servant of the people. I am he for a week to help the villagers who have some problems."

He handed the young man's suitcase over to him when directed to at a thick assortment of plants and smiled. The young man asked "how much do I pay for your labour? Ishwar Chandra said , "nothing except a promise that you will never shirk small tasks as no work is low." Conclusion ; one does not become low by doing small tasks.

## PROVERBS ARE LAMPS TO LIFE

*Experience is a good teacher, but fees are high

- He who wishes to secure the good of others, has already secured his own,
- We enjoy thoroughly only the pleasure that we give. ***- Alexander Dumas.***

## AMAZING FIGURES

Situated at hoot of the Nilgiri hills, 11 kms from mettupalayam town in Tamilnadu, THE KALLAR AGRICULTURAL FARM is known as the museum of fruits. The farm nearly 100 years old, covers 23 acres of land. It grows and experiments with fruits like jackfruit, orange guava, seedless lime, Malasian thurian (over 80 varieties), velvet apple, china Lltzi, american `Karambolo' etc. an 85 year old banyan tree with its thousands of hanging ariel roots in the farm is the chief attraction for visitors.

### Stage but true

The karenbu tribe that lives along the shores of lake Chad in central Africa does not have a single case of malnutrition. Throughout its history the 80,000 strong tribe has been drying out `spiruline algae' A species that grows in waters with a heavy alkaline content- and mixing it with staple foods. Nutritionalists call it heaven-sent natural food, because it contains 64 % protein besides being rich in vitamins, particularly A and B-12

### Today's puzzle

Thank you readers for the tremendrous response to the word game.. The prize goes to Srushti Vishal Soni, Juhu, Mumbai with 122 words. Congratulations Shrushti. Keep it up. The other participants were Yenisha Bhate, Dhule, with 116 words; Charmi Dhanpati

Ratani, Chalisgaon-85 words; Mrs Jasmine Deepesh Gosar, Thane-85 words. Congratulations Jasmine. You were the only one to take efforts to identify the words with different colours and specify whether they were vertical , horizontal or diagnal. It was fun checking your entry. Mrs Gunavantiben Kunvarji Momaya from Raichur-76 words„ mrs Manisha Shirish Shah, from Coimbatore 100 words .enclosing the next set of word puzzle. Best of luck.

**Bye the bye - Smile**

It costs nothing but it creates much. It enriches those who receive without impoverishing those who give. It happens in a flash, and the memory of it lasts forever. It is rest to the weary, daylight to the discouraged, sunshine to the sad and nature's antidote for trouble, and if in the course of the day, Some of your friends should be too tired to give you a smile, why don't you give them one of yours? For nobody needs a smile so much as those who have none left to give...


## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી - ૩**

**ત્રીજી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
| --- | --- | --- | --- |
| 1985 | TVS વિક્ટર | સોના હરીશ હલસાણીયા-કલકત્તા | લબ્ધીભાઈ/રાજેશ કે. મોદી |

(કોમ્પ્યુટર) : ૭૭૭, (હેન્ડીકેમ કેમેરો) : ૫૭૨, (ફ્રિઝ) ૧૨૯૪, (આટા મેકર) : ૩૧૩

**-: આશ્વાસન ઈનામો :-**

(૧ ફ્રીઝ) : ૧૯૭૬ (૨ ટીવી) : ૮૬૪ (૩ વોશિંગ મશીન) : ૧૦૯૫ (૪ થી ૫ ઓવન) ૧૬૩૫, ૨૩૬ (૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૧૪૯, ૧૧૦૬, ૧૯૯૯, ૧૦૧, ૧૩૮૭ (૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૭૭૪, ૪૪૧, ૧૭૨૯, ૫૫, ૧૯૭૩ (૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૧૬૨૫, ૧૪૫૫, ૩૩૧, ૯૪૧, ૧૯૨૬, ૪૪૦, ૪૫૮, ૩૭૬, ૧૩૪૭, ૧૧૨૭ (૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૪૯૦, ૧૪૦૨, ૩૮૪, ૧૩૧૯, ૬૩૦, ૨૪૫, ૧૨૩૯, ૩૪૨, ૪૩૩, ૨૪૩ (૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૮૧૮, ૨૯૦, ૧૩૧૦, ૧૧૩૮, ૧૫૫, ૧૫૯૫, ૧૪૯૬, ૧૯૧૬, ૫૨૬, ૧૯૯૩ (૪૬ થી ૬૫ મિક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૮૨૩, ૬૧૯, ૭૯૫, ૫૨૭, ૧૪૩૮, ૯૬૭, ૧૭૪૧ ૪૨૭, ૭૪૧, ૫૩૦, ૨૬૧, ૧૫૧૨, ૧૬૧૪, ૧૧૬૭, ૩૨૫, ૮૬, ૧૦૫૭, ૮૬, ૧૯૩૭, ૯૫૪ (૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૬૧૬, ૧૩૨૪, ૯૩૨, ૧૩૦૪, ૪૫૯, ૭૨૧, ૨૯૩, ૧૧૪૭, ૧૨૬૭, ૧૬૧, ૮૫૧, ૧૫૪, ૧૫૬૨૪, ૧૬૭૨, ૮૦૯

**ચોથી મિટિંગ તા.૧૪-૩-૧૨ રોજ રાખેલ છે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**


## શ્રી સુથરી તીર્થમાં
## પ.પૂ. ગચ્છાધિપતિશ્રીનું ભવ્ય સામૈયું

પ.પૂ. અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા તા.૧૫-૨-૧૨ના સુથરી તીર્થે પધારતાં પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત કરવા જૈન-જૈનેતરો સહિત ૧૨૫ જણાંએ હાજર રહ્યા હતા. આ પ્રસંગે મુંબઈથી ટ્રસ્ટીઓ પણ પધાર્યા હતા. પૂજ્યશ્રીનું વાજતે ગાજતે સામૈયું થયા બાદ તેઓશ્રીએ તિર્થ વંદન કરી સંઘને માંગલિકનો લાભ આપેલ. વ્યાખ્યાન બાદ રૂા.૫૦, નું સંઘપુજન તેમજ સાહેબના પ્રવેશ પ્રસંગે તેમજ માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ઘુલ્લા પરિવાર તરફથી પૌત્ર-પૌત્રીની લગ્ન ખુશાલી નિમિતે દુધપાક પુરીનું જમણ કરવામા આવેલ તેમજ માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ પરિવાર તરફથી પ્રપૌત્ર ચિ. કુણાલ હીરેન કલ્યાણજી નરશીના લગ્ન ખુશાલી નિમિત્તે આખા ગામમાં બુંદીના લાડુની પ્રભાવના કરવામાં આવેલ. તેમજ શ્રી સુથરી હાઈસ્કુલમાં સાટાની પ્રભાવના કરવામાં આવેલ.


## કચ્છના ડીઝાઇનર બાંધણી ડ્રેસ તથા સાડી

ઉત્તમ ક્વોલીટી તથા વિવિધ વેરાયટીનાં એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ કલેક્શન જોવા તથા ખાસ આગ્રહને લક્ષમાં રાખીને ફરી એકવાર બાંધણી સાડીના તદન નવા કલેક્શન સાથે **કચ્છ ગામ (તેરા)ના ખત્રી સુલેમાન તા.૧૦-૩ તથા ૧૧-૩-૨૦૧૨** બે દિવસ માટે આવી રહ્યા છે. અવશ્ય પધારો.

સમય : બપોરે ૨ થી ૬

**સંપર્ક : નીલમ નાગડા-9920522551**

બી/૧૦૫, ઉદય, જયહિંદ કોલોની ગલી નં.૩,
આર્યરત્નની બાજુમાં, ગુપ્તે ક્રોસ રોડ, ડોંબિવલી (વે)

## મુશ્કેલ નથી સાથીની ખોજ

યુવાન દિલોનું દિલ ધડકે, સાથીની ખોજ એમને સતાવે તો બનો ચિંતામુક્ત હવે. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવામાં... જ્યાં મળશે પસંદગીનો ફલક વિસ્તાર. તો આજે જ આપ આપના લાડકવાયા પુત્ર/પુત્રીઓનું નામ રજીસ્ટ્રેશન કરાવો.

**સંપર્ક : દિપક કારાણી - 29674007/8/9**

Registrar online on : www.asanjokutch.com/matrimonials

## શ્રી કચ્છ જશાપર નગરે પંચાન્હિકા મહોત્સવ ખુબજ ઉલ્હાસને ધામધુમથી ભક્તિમયે ઉજવાયેલ.

શ્રી જશાપર નગરે જ્ઞાતિ મુકટમણી શ્રેઠશ્રી કેશવજી નાયક સ્થાપિત ૧૩૫ વર્ષ પ્રાચીન જિનાલયમાં બિરાજમાન આદેશ્વર દાદા તથા આદિ જિનબિંબોના પુન:પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે જિનેન્દ્રભક્તિ રૂપે પંચાન્હિકા મહોત્સવ તા.૬-૨-૧૨થી ૧૦-૨-૧૨ના ગામવાસીઓએ નિયાણી પરિવારોની હાજરીમાં ખુબજ હર્ષોલ્હાસ ભક્તિ મય ધામધુમથી આનંદમય સંપન્ન થયેલ.

મહોત્સવના પ્રથમ દિવસે અચ્છલગચ્છાધિપતી તપસ્વી રત્ન પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.આદિ ઠાણાના આગમન વળતે વિશાળ સંખ્યામાં પધારેલા ભાવિક ભક્તોસહ શ્રીસંઘે શણગારેલા બેડાઓ તથા ઢોલ-શરણાઈની સુરાવલી સાથે ભવ્યાતીભવ્ય સ્વાગત યાત્રા ગામના મુખ્ય માર્ગોથી નીકળેલ. મુખ્ય જગ્યાએ ગહુલી કાઢી રાસની રમઝટ સાથે આનંદ થયું. આદેશ્વરદાદાના દર્શન કરી નવા ઉપાશ્રયમાં પધારી માંગલિક પ્રવચન થયું. વિવિધ ભાગ્યશાળી પરિવારો તરફથી રૂા.૫૧નું સંઘપૂજન થયેલ.

સ. ૧૨.૩૯ના શુભ મુર્હૂતે કુંભ સ્થાપના અને-દિપક સ્થાપના-જ્વારારોપણ અને બપોરે પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવેલ.

બીજા દિવસે લાભ લેનારા ભાગ્યશાળી પરિવાર તરફથી નવગ્રહ પૂજન ૯.૩૦ વાગે દશ દિકપાલ પૂજન, અષ્ટ મંગલ પૂજન, નંદાવ્રત પૂજન વગેરે થયેલ.

ત્રીજા દિવસે સવારના પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા., પૂ. ગુણિવર્યશ્રી કવીન્દ્રસાગરજી મ.સા., પૂ. મુનિ પ્રિયંકરસાગરજી પૂ. કાંચનસાગરજી મ.સા. અને પૂ. સાધ્વીઓ આદિ ઠાણા સકલ સંઘ સાથે વાજતે ગાજતે આખા ગામમાં જલયાત્રાનો વરઘોડો નીકળેલ.

લાભ લેનાર ભાગ્યશાળીઓ

પ્રભુજીને રથમાં પધરાવવાનો લાભ લેનાર ભાગ્યશાળી શ્રી રાયચંદ જીવરાજ ધરમશી પરિવાર

પ્રબુજીને રથમાં લઈ બેસવાનો લાભ લેનાર ભાગ્યશાળી શ્રી ધનજી દામજી મોતા પરિવાર

પ્રબુજીના રથના સારથી બનવાનો લાભ લેનાર ભાગ્યશાળી માતુશ્રી ચંદનબેન મણીલાલ છેડા પરિવાર

પ્રભુજીને રથ યાત્રા વખતે ધારાવળી આપવાનો લાભ લેનાર ભાગ્યશાળી ભાગ્યશાળી શ્રી શાંતિલાલ ખીયશી છેડા પરિવાર

પ્રભુજીને પોંખવાનો લાભ લેનાર ભાગ્યશાળી માતુશ્રી મુરબાઈ ટોકરશી ધરમશી પરિવાર

બપોરના અઢાર અભિષેક મહાપુજન ભક્તિમય રીતે યોજાયેલ. સર્વ ભાગ્યશાળીઓએ લાભ લીધેલ.

મુખ્ય ધ્વજ દંડનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર માતુશ્રી દમયંતીબેન ખીમચંદ ધરમશી પરિવાર

વાજતે ગાજતે દેરાસરનાં પટાંગણમાં શ્રી સકલ સંઘ સાથે પધારેલ ધ્વજાને પૂ.શ્રી સાહેબએ મંત્રોચાર સાથે વાસક્ષેપ નાખી સૌને ધ્વજાના દર્શન-કરાવવા વાજતે ગાજતે પૂરા સન્માન સાથે ત્રણ પ્રદિક્ષણાં આપેલ.

ચોથા દિવસે સવારના શુભ-મુર્હૂતે જિનબિંબોની પુન: પ્રતિષ્ઠા મૂળ નાયક દ્વારા સંપન્ન થઈ. આદિનાથ દાદાની પ્રતિષ્ઠા લાભાર્થી માતુશ્રી જમકુબાઈ ભવાનજી માડણ પરિવાર હસ્તે મોતીચંદભાઈ

જમણે બાજુ શાંતિનાથ ભગવાન શ્રી હિરાચંદ મેઘજી મોતા પરિવાર (વડસર)

ડાબી બાજું ચંદ્રપ્રભુ આણંદ પરિવાર હ. જ્યોતીબેન નરેન્દ્ર દંડ પરિવાર (તેરા)

અજીતનાથ ભગવાન ચૌમુખ, છેડા પરિવાર હ. કલ્પેશભાઈ છેડા

મુખ્ય ધ્વજ દંડ : માતુશ્રી દમયંતીબેન ખીમચંદ ધરમશી પરિવાર હસ્તે રાજેશભાઈ

મુખ્ય કળશ : સૌ. વંદનાબેન નિપેશ હિરાચંદ અરજણ પટેલ પરિવાર (બાંઢિયા)

રંગમંડપ કળશ : માતુશ્રી પ્રેમાબાઈ કુંવરજી મોતા પરિવાર

પ્રતિષ્ઠાના વખતે કંકુના થાપા કરવાનો લાભ શ્રી ધનજી દામજી ખોના પરિવારે લીધો.

પૂ. આચાર્ય, ભગવંત શ્રી ગુણ્યોદયસાગર સુરીશ્વરજી મ.સા.આદિઠાણાના નિશ્રામાં ૐ પુણ્યાહમ પુણ્યાહમ પ્રિયતામ પ્રિયતમના મંત્રોચાર સાથે દાદાની જય નારા સાથે ઢોલ-શરણાઈના સુરતાલ સાથે સંપન્ન થયેલ. બપોરના પૂ.આ.ભગવંતશ્રીના આદિ ઠાણાઓનું ગુરૂ પૂજન લાભાર્થી સૌ. વંદના નિમેશ હિરાચંદ પટેલ પરિવાર દ્વારા થયેલ. પૂજ્યોશ્રીને કામળી વહોરાવવાનો લાભ ભાગ્યશાળી પરિવાર શ્રી હિરાચંદ મેઘજી મોતા પરિવાર (વડસર)એ લીધેલ.

વિવિધ ભાગ્યશાળીઓ તરફથી રૂા.૬૦ સંઘપૂજન થયેલ.

પાંચમાં દિવસે વહેલી સવારે દ્વારોદ્ઘાટન લાભાર્થી પરિવાર માતુશ્રી જમુકબાઈ ભવાનજી માંડણ પરિવારે લાભ લીધેલ.

પૂ. આચાર્ય ભગવંત મુનિશ્રીઓ સાધ્વી ભગવંતો તથા આ.ઠા. સાથે માંગલિક સાંભળાવીને સકલસંઘ સાથે લાલા તરફ વિહાર કરેલ.

**અમો આભારી છીએ**

પૂ.ગચ્છાધિપતી શ્રી, ગણીવર્યો પૂ.સા. ભગવંતો, પૂ. સાધ્વી ભગવંતોના નિશ્રા પ્રદાન કરી અવસરને દિપાવવા માટે **જશાપર ગામવાસીઓ નિયાણી પરિવારો** ધાર્યા કરતાં વધારે સંખ્યામાં પધારી મહોત્સવ સફળ બનાવવા માટે

ચડાવા કે નકરાના લાભ લેનાર સર્વે દાતા પરિવારોના વિધી વિધાન માટે વિધીકારક હાદીકોભાઈ શાહ અને સાથીઓના સંગીતની રમજટ જમાવનાર ગીરીશભાઈ અને પાર્ટીની સુંદર આંગી બનાવવા બદલ જયવંતીબેન લોડાયા અને આશીષ મોતાના

સ્થાનીકે વ્યવસ્થા તથા અન્ય કાર્ય સંભાળી રાત દિવસ ખડે પગે સેવા આપનાર શ્રી લક્ષ્મીચંદ ટોકરશી ઘરમશી, શ્રી શાંતલિલ ખીયશી છેડા, શ્રી તરૂણ સુંદરજી મહેતા (નલીયા) આદિ

માઈકનું સંચાલન તથા વ્યયસ્થા સંભાળનાર શ્રી પ્રબોધ હિરાચંદ મુનવર (કોઠારા)

મંડપ ડેકોરેશન માટે કિરણ મોતાના

સ્વાદિસ્ટ રસોઈ માટે કેટરીંગ વ્યવસ્થા કરનાર અરવિંદ મારાજ

જીર્ણોધ્ધારનું કામ કરનાર સોમનાથ બાવાજીના

મહોત્સવમાં સેવા આપનાર સૌ કોઇના

સ્થાનીકે બહારગામથી પધારેલા ભાઈઓ બહેનો તથા નિયાણીઓ સહ કાર્યકરોનો સાથ સહકાર મળેલ તે બદલ મહાજન સૌનો આભાર માને છે.

મહોત્સવ દરમિયાન અમારી કોઈ પણ ક્ષતિ રહી ગયેલ હોય, મન દુખ થતું હોય તો મિચ્છામિ દુક્કડમ

**શ્રી ક.દ.ઓશવાલ જૈન જશાપર મહાજનના જયજિનેન્દ્ર,**


।। શ્રી આદેશ્વરદાદાય નમઃ।।

# શ્રી શત્રુંજય ગિરિરાજની છ ગાઉની મહાયાત્રા–પાલ નં. ૩૨

**'છ ગાઉ' યાત્રાની અણમોલી વાત; દાદા આદિનાથ છે આપણા તાત:**

શ્રી સિદ્ધગિરી મહાતીર્થની યાત્રા કરવાથી અનંત ગણું ફળ પ્રાપ્ત થાય છે. એવા મહાતીર્થ પર ઋષભદેવ નવ્વાણું પૂર્વાવાર પધાર્યા છે. કાંકરે કાંકરે અનંતા આત્માઓ સિદ્ધ થયા છે. ફાગણ સુદ ૧૩ ના શાંબ, પ્રદ્યુમ્ન, સાડી આઠ કોડી મુનિરાજ સહ મોક્ષે ગયા છે. એ મંગલદિને ચાલો આપણે પણ છ ગાઉ ની યાત્રા કરીએ.

છ ગાઉ ની મહાયાત્રા અવસરે **"પાલ"** નો અમૂલ્ય લાભ ત્રીજી વખત **"શ્રી કે.ડી.ઓ. નવભક્તિ"** ને મળેલ છે. ફાગણ સુદ ૧૩, મંગળવાર, તા. ૦૬-૦૩-૨૦૧૨ ના આપના પગલાં અમારા આંગણામાં **(પાલ નં. ૩૨)** કરી સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.

**લિ. શ્રી કે. ડી. ઓ. નવભક્તિ પરિવારના જય 'ગિરિરાજ'**

**શ્રી દામજી નરશી શોની**
મુલુંડ - વાંકુ
૯૯૨૦૪૬૦૫૫૩

**શ્રી નવિનચંદ્ર નરશી ખોના**
ઘાટકોપર - નલિયા
૯૮૨૦૧૪૪૦૧૩

**શ્રી લહેરચંદ શીવજી નાગડા**
ઘાટકોપર - નલિયા
૯૩૨૩૨૭૬૧૩૫

**શ્રી રમેશ ત્રીકમજી શોની**
વડાલા - વાંકુ
૯૮૨૦૦૩૪૨૫૧

**શ્રી હિરાચંદ વિસનજી મોમાયા**
ઘાટકોપર - સાંયરા
૯૮૭૦૩૩૬૮૨૬

**શ્રી કિશોર કરમશી વિકમશી**
વડાલા - જખૌ
૯૮૨૦૩૧૯૬૧૦



**માતુશ્રી નવલબેન મણીલાલ દંડ**
મુલુંડ - સેવક ભરૂડિયા
૯૮૨૧૧૨૫૩૨૭



## બોધકથા : છે તેને માણો... નથી તેનું દુખ સાથે ન લો

ભૂતના નિવાસવાળા એક ઝાડ નીચેથી પસાર થતા એક વાળંદને એક અવાજ સંભળાયો.. "સોનું ભરેલી સાત કોઠીઓ તારે જોઈએ છે?"

વાળંદે આસપાસ જોયું પણ એને કોઈ દેખાયું નહિ. પણ સોનાની કોઠીઓ આપવાની વાતે એનો લોભ જાગી ઊઠ્યો અને એ મોટેથી બોલી ઊઠ્યો.. "હા.. હું એ સાત કોઠી લઈશ.."

તરત જ જવાબ મળ્યો.. "ઘેર પહોંચી જા.. કોઠીઓ મેં તારે ઘેર પહોંચતી કરી દીધી છે. આ વિચિત્ર જાહેરાતની ખાતરી કરવાના ઈરાદાથી એ વાળંદ દોડતો ઘેર પહોંચ્યો. ઘેર પહોંચતા વેંત એણે કોઠીઓ જોઈ. કોઠીઓ ખોલી એણે જોયું કે એ સોનાથી છલોછલ ભરેલી હતી.. પણ છ પૂરી ભરેલી હતી અને એક અર્ધી ભરેલી હતી.. એ સાતમીને પણ સોનાથી ઉભરાવી દેવાની જોરદાર ઇચ્છા એ વાળંદમાં જાગી., કારણ ત્યાં સુધી એ પૂરો સુખી ન હતો.. એટલે એણે ઘરમાંનાં બધા ઘરેણાં ભંગાવી તેને સોનાના સિક્કાઓમાં ફેરવ્યાં અને એ મહોરો તેણે પેલી કોઠીમાં નાખી; પણ એ જાદુઈ કોઠી ઓછી જ રહી.. આથી વાળંદની ધીરજ ખૂટી ગઈ. જાતે ભૂખ્યા રહીને અને ઘરનાંને ભૂખ્યાં રાખીને એણે થોડા વધારે પૈસા બચાવ્યા અને એ સોનાથી કોઠી ભરવાં કોશિશ કરી.

પણ કોઠી તો પેહલાંની જેમ અધૂરી જ રહી.. એટલે એક દિવસ રાજાને પોતાનો પગાર વધારી દેવા નમ્ર વિનંતી કરી કહ્યું કે મળતા પગારમાં પોતાનું ગુજરાન ચાલતું નથી.. એ વાળંદ રાજાનો માનીતો હતો એટલે એની વિનંતી સાંભાળીને તરત જ રાજાએ એનો પગાર બમણો કરી દીધો.. આ બધી આવક બચાવી એ પેલી કોઠી ભરવા મંડ્યો પણ, એ લોભાણી કઠી ભરાવાની નિશાની દેખાઈ જ નહીં.

આખરે એ ઘેર ઘેર ભીખ માગવા લાગ્યો અને એની ધંધાની તથા ભીખની આવક ભેગી કર્યા છતાંય, પેલી જાદુઈ કોઠીની તરસ છીપીજ નહીં.. મહિનાઓ ને મહિનાઓ પસાર થયા અને એ દુ:ખી અને કંજૂસ વાળંદની સ્થિતિ ઉત્તરોઉત્તર બગડતી ચાલી.. એની આવી દશા જોઈ રાજાએ એને પૂછયું. "અરે ! તારો પગાર આજના કરતાં અર્ધો હતો ત્યારે, તું સુખી, આનંદી અને સંતુષ્ટ હતો પણ તારો પગાર બેવડો કર્યાં પછી તને ચિંતાતુર, ચડેલા મોઢાવાળો અને નાસીપાસ જોઉં છું. તને શું થયું છે? તને શું સાત કોઠીઓ મળી છે?"

આ સવાલથી વાળંદ ઘા ખાઈ જઈ અને બોલ્યો.. "નામદાર, આ વાત આપને કોણે કહી છે?"

"જેને યક્ષ એ સાત કોઠીઓ આપે છે તે આમ પીડાય છે એ તું નથી જાણતો શું?" રાજાએ કહ્યું. "એ મને પણ આ કોઠી આપતો હતો પણ, મેં એને પૂછયું કે આ મૂડી વાપરી શકાય કે ખાલી કોઠીમાં જ રાખી મૂકવા માટે છે?" આ સવાલ પૂછતાં ભેગો એ બોલ્યો: "એ મૂડી કોઈ વાપરી શકતું નથી એ તને ખબર નથી? એ તો સંઘરો કરવાની તૃષ્ણા જ આણે છે. જા જલ્દી અને એ કોઠીઓ પાછી આપી આવ.

આ સલાહથી વાળંદને પાછી સાન આવી અને પેલા ભૂતિયા ઝાડ પાસે જઈ એ બોલ્યો. "હે યક્ષ, લઈ લે તારું સોનું પાછું" યક્ષે કહ્યું, "ભલે".

વાળંદ પાછો ઘેર આવ્યો.. ત્યારે રહસ્યમય રીતે આવી હતી તે જ રીતે પેલી કોઠીઓ અદશ્ય થઈ ગઈ અને એના ભેગી તેની જિંદગીની બચત પણ તણાઈ ગઈ હતી..

સાચું ખર્ચ અને સાચી આવક વચ્ચેનો ભેદ સમજતા નથી તે લોકો ગાંઠનું પણ બધું ગુમાવે છે..

***સં. હીરેન હિંમતલાલ શિયાડ (જામનગર)***

### એકતા લેન્ડ ડેવલોપર્સ નલિયા (એકતા નગર-૧)

**મુખ્ય ઇનામ**

| ટોકન નં. | ઇનામ | ભાગ્યશાળીવિજેતા નું નામ | એજન્ટ નું. નામ |
|---|---|---|---|
| ૧૭૫ | ડીલક્ષ (હીરોમોટો) | હિતેશ નારાણ બોરીચા (અંજાર) | - |

**આશ્વાસન ઇનામો**

| ક્રમ નં. | ટોકન નં. | ઇનામ | ક્રમ નં. | ટોકન નં. | ઇનામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૯૮ | રેફ્રીજરેટર | ૧૩ | ૯૬ | મીક્ષર ગ્રાઇન્ડર |
| ૨ | ૪૯ | માઈક્રોવે ઓવન | ૧૪ | ૧૪૨ | મીક્ષર ગાઇન્ડર |
| ૩ | ૧૪૪ | ડી.વી.ડી.પ્લેઅર | ૧૫ | ૧૨૧ | મીક્ષર ગ્રાઇન્ડર |
| ૪ | ૧૩૨ | સીલીંગ ફેન | ૧૬ | ૧૬૦ | ટ્રાવેલીંગ બેગ |
| ૫ | ૯૪ | સીલીંગ ફેન | ૧૭ | ૧૧૦ | ટ્રાવેલીંગ બેગ |
| ૬ | ૬૨ | સીલીંગ ફેન | ૧૮ | ૨૪ | ટ્રાવેલીંગ બેગ |
| ૭ | ૨૧૬ | નોકીયા મોબાઈલ | ૧૯ | ૮૫ | ફેમીલી ટીકીન |
| ૮ | ૯૧ | નોકીયા મોબાઈલ | ૨૦ | ૨૧૭ | ફેમીલી ટીકીન |
| ૯ | ૭૯ | નોકીયા મોબાઈલ | ૨૧ | ૧૬૫ | ફેમીલી ટીકીન |
| ૧૦ | ૦૨ | ડીનર સેટ | ૨૨ | ૧૮૧ | ઇલેક્ટ્રીક પ્રેસ |
| ૧૧ | ૧૫૬ | ડીનર સેટ | ૨૩ | ૧૬૪ | ઇલેક્ટ્રીક પ્રેસ |
| ૧૨ | ૧૧૫ | ડીનર સેટ | ૨૪ | ૨૦૯ | ઇલેક્ટ્રીક પ્રેસ |

## મૈત્રી-કાંટારહિત ગુલાબ

ઈતિહાસમાં તેજસ્વી નક્ષત્રની જેમ ચમકી ગયેલા મન્ત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલની બાંધવબેલડી આબુ-દેલવાડાના ઉત્કૃષ્ટ જિનાલયોનાં નિર્માણ અને અઢળક ધર્મકાર્યો દ્વારા તેઓ ઈતિહાસમાં અમર થઈ ગયા. એમનું શૌર્ય જેમ ઉદાહરણરૂપ હતું તેમજ એમની ધાર્મિકતા ઉદાહરણરૂપ હતી. એમની પ્રભુપ્રાર્થના પણ દાખલારૂપ હતી. પ્રાર્થના તો આપણે પણ પ્રભુમંદિરે જઈને કરીએ છીએ પરંતુ એ પ્રાર્થના ઓછી અને યાચના વધારે હોય છે! જેમાં ગુણ વિકાસ અને દોષ નાશ થાય તેવી આરઝુ હોય એ પ્રાર્થના છે અને જેમાં માત્ર સુખો કે તેના સાધનો પ્રાપ્ત થાય તેવી આરઝુ હોય તે યાચના છે. મંત્રીશ્વર વસ્તુપાલની પ્રાર્થના એની જે નોંધ એમના ચરિત્રમાં ઉપલબ્ધ છે એને ઉપરોક્ત માપ દંડથી મૂલવીએ, તો એ યાચના નહિ બલ્કે ખરેખર પ્રાર્થના હોવાનું પ્રતીત થાય. "મને હંમેશા સજ્જનોની સંગતિ-સોબત મળી રહે" એવી વસ્તુપાલની પ્રાર્થના ખરેખર તો આપણા સહુની પ્રાર્થના બની રહેવી જોઈએ. જીવનને ગુણવત્તાભર્યું બનાવવા માટે સજ્જનોની મૈત્રી તેમજ સંગતી ઉત્તમ ઉપાય છે.

શેખ સાઈ જ્યારે નાના હતા ત્યારે એક વાર એક આખી રાત કુરાન પઢતા હતા. સવારનો નમાજનો સમય વીતી ગયો. પછી એ એમનાં પિતાને કહે : "અલ્લાજાન જુઓને મારી આજુ-બાજુ રહેલા લોકો કેવા આળસુ છે. સવારની નમાજના સમયે એમાંથી કોઈએ નમાજ તો ન પઢી, પણ એ સમયે માથું ઉંચું કરીને કોઈએ નમાજ સાંભળી પણ નહિ. બધા લોકો ઉંઘમાં ઘોર્યા જ કરતા હતા."

એમના પિતા આ સાંભળીને એક ક્ષણ ગંભીર થઈ ગયા, પછી એ દુઃખપૂર્વક બોલ્યા "મેં તને કુરાનનો પાઠ કરવા રાતભર જગાડ્યો હતો, બીજાની નિંદા કરવા નહિ. આના કરતાં તો તું સૂઈ ગયો હોત વધુ સારું થાત. કમ સે કમ તને બીજાઓ હલકા-નિંદા પાત્ર તો ન લાગત. શેખ સાઈ કહે છે કે આ ઘટનાએ મારા મન પર એવી ઉંડી અસર કરી કે ત્યારથી હું અન્યોના દોષ જોવાની-નિંદા કરવાની ખો ભૂલી ગયો.

સાવધાન! આપણાં જીવનમાં આ દોષદ્રષ્ટિનો દોષ ન પ્રવેશી જાય તે માટે વક્રદ્રષ્ટા-દોષદ્રષ્ટા, કુમિત્રોથી આપણે દૂર જ રહીએ. કોઈની એ વિલક્ષણતા હોય છે કે તેને માત્ર કીચડ જ ગમે છે બગીચો કદી નહી. ભૂંડની એ વિલક્ષણતા હોય છે કે એને માત્ર અશુચિ જ ગમે, સ્વાદિષ્ટ રસોઈ કદી નહી. દેડકાની એ ખાસિયત હોય છે કે એને ખાબોચિયું જ ગમે, નદી કદી નહી. એમ કેટલાક જીવો એવા હોય છે કે એને ગલત બાબતો-પાપાચારો જ ગમે, નિષ્પાપ આચરણો કદી નહીં. જૂઠું બોલ્યાવિના એમને ચેન ન પડે, તો ખોટું કર્યા વિના એમને આનંદ ન આવે. કોઈને લડાવ્યા વિના એમને મજા ન આવે, તો માયા-કપટ કર્યા વિના એમનું ભોજન હજમ ન થાય માટે આવા મિત્રોથી દૂર રહેવું એ આપણા હિતમાં છે.

*સંકલન - મહેન્દ્ર દામજી છેડા (અમદવાદ)*

## કાવ્ય-પ્રકાશ : મહાકાળીમાં

**(રાગ : પાવા વાગે ને ગોપી સુતી જાગે)**

મોટા ડુંગરે માં મહાકાળી બીરાજે
ગરવી ગુજરાતમાંની હાક પડે
લીલાછમ ડુંગરામાં ખળખળ વહેતા ઝરણાં
જાણે માં ને ડુંગરે દુધની ધારા વહે... ગરવી.
ભાલે શોભે માને પીયરને સેથે શોભે માંને સિંદુર
નથડીનો હીરલો માંનો ચમકારા કરે... ગરવી.
દુર દેશ અમો ભક્તો તારા રહેતાં
આવો અમ ઘેરમાં અમારા ગામે...
પધારો માડી ઘુઘરીયારે રુમઝુમ વાગે... ગરવી.
ભાવ ભર્યાં આમંત્રણને ભાવ ભર્યાં હૈયે
ઝુલાવીશ મા શ્વાસના હીંડોરે... ગરવી.
હાલારી ગોળના લાડવા ને ગરમા ગરમ ભજીયા
જમાડીશ માં ખીર-પુરીને પાપડને ચટકે... ગરવી.
સદીયર તેડાવી જાગરાણ મંડાવું
માડી તારી ભક્તિની ધુન જગાવું
પધારો માડી ગરબામાં રંગ જામે... ગરવી.
મઢ માતા મેં તો તમારો શણગારીઓ
રંગરંગીલો ચીતરેલ ગરબો પધારવીયો
ગરબે ઝગમગ જ્યોત ઝબુકે... ગરવી.
આશાભરી બેઠી આવોમાં મારે આંગણીયે
વાટડી જોતાં નીર આવે મારી આંખડીએ
પુજન કરીને માંને વધાવીશ મનના મોતીએ
શુશીલા સદા તારે ખોળે રમે... ગરવી.

લી. સુશીલા દેવચંદ લોડાયા (વડાલા)

**"પાલવની બાંધણી એટલે સો-ટચનું સોનું"**

**કલાત્મકતા અને વિશ્વાસનું પ્રતિક**

**• ઘરચોળા • ચણિયા-ચોલી**

**• બાંધણીના ડ્રેસ મટેરીયલ્સ**

**• બોર્ડર વગેરેનો મબલક ખજાનો**

**પાલવ** - શોપ નં.૧, એ વિંગ, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુંડ (વે)-૪૦૦૦૮૦.
ફોન 25616842, 25906287
**રવિવારે વિશ્રામ**




**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મેઠ્ઠી રેયાંણ–ડોંબિવલી

તા.૨૧-૧૨-૧૧ના મેઠ્ઠી રેયાંણના ઉપક્રમે બે બસ દ્વારા સવારના ૮૦ બહેનો સાથે ભીવંડી દેરાસરે મેરૂ તેરસ નિમિત્તે આદિનાથ દાદાની સેવા-પૂજા કરી. નવકારશીનો લાભ સૌ. વંદના નિપેશ પટેલ તરફથી હતો અને સંઘ પૂજન થયેલ. બપોરના વજ્રેશ્વરી પહોચીને કુંડમાં નાહી ધોઈને શ્રી વીરજી લઘાભાઈ ધર્મશાળામાં સૌ. જ્યોત્સનાબેન પ્રવિણ નાગડાના સાથ સહકારથી બપોરે ઉંધીયું પુરી જમણ કરી ત્યારબાદ ગેમ રમાડેલ અને ગેમના વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ. ચા પાણી પીને ગણેશપુરી દર્શન, આશ્રમ જોઈ સાંજે ધર્મશાળામાં ચોવિહાર કર્યું. ૨૦૧૧ વર્ષના સભ્યોને ભેટ અપાઈ અને વર્ષ ૨૦૧૨ની સભ્ય ફી લેવાઈ. ત્યાંથી રવાના થઈ ડોંબિવલી પહોંચ્યા. નવા વર્ષની મેમ્બરશીપ ચાલુ થઈ છે. વધુ જાણકારી માટે કમીટી બહેનોનો સંપર્ક કરવા જણાવાયું છે.

### શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ–ગાંધીધામ

મંડળ દ્વારા તા.૧૨-૨-૧૨નાં બસ પ્રવાસ યોજાયેલ જેમાં બૃહદ ગાંધીધામના ૮૫ જણ જોડાયા હતા. પ્રથમ ભચાઉ નજીક આવેલ યુરો શીરામીક ફેક્ટરીની મુલાકાત લીધેલ. ત્યાંના અધિકારીવર્ગ દ્વારા ઉત્પાદન કાર્ય બતાવવામાં આવેલ. ફેક્ટરીના શ્રી શીતલભાઈ જોષી દ્વારા ચા કોફી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ અને ત્યાંના અધિકારી વર્ગ દ્વારા સારો આવકાર મળેલ. આ ઉદ્યોગ મુલાકાત માટે મનીષ, સંદિપ અને નિલયભાઈએ જહેમત ઉઠાવેલ. ત્યારબાદ કટારીયા તીર્થનાં દર્શનાર્થે ગયેલ. ત્યાં બપોરનું ભોજન શ્રીમતી મીનાબેન લાલકા તરફથી તથા સંઘપૂજન મીનલબેન ખોના તરફથી હતું. પ્રવાસ દરમ્યાન મંડળની બહેનો કલ્પના મોતા, મૃદુલાબેન નાગડા અને દિપ્તીબેન લોડાયા તથા મીનાબેન લાલકા દ્વારા "હું ગધેડો છું" વાળી હાઊસી ગેમ રમાડીને સર્વેને આનંદિત કરેલ. સાંજે પાછા વળતાં સાંઈબાબાના મંદિરે દર્શન કર્યા.

Email ID : drlatikasphysio4life

**Dr. Latika's**

M.B.B.P. The. (Mum) M.I.A.R. Reg.No.156056

**PHYSIO4LIFE**

**ફિઝીઓથેરેપી એન્ડ રિહેબિલિટેશન સેન્ટર**

૩૭, સાંઈધામ આર્કેડ, પી.કે. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.

**સાંધાના દુઃખાવાનો ફ્રી કેમ્પ**

**૨ અને ૩ માર્ચ : ઘુંટણનો દુઃખાવો**

**૯ અને ૧૦ માર્ચ : ગળા અને ખભાનો દુઃખાવો**

**૧૫ અને ૧૬ માર્ચઃ પીઠનો દુઃખાવો**

(રજીસ્ટ્રેશન ફી રૂા.૧૦૦)

ફક્ત એપોઈન્ટમેન્ટનાં આધારે કેમ્પમાં ભાગ લઈ શકાશે.

મો.. 9322282003, 93241 82003

**સમય : સવારે ૧૦ થી ૧ અને સાંજે ૬ થી ૮**

Email ID : drlatikasphysio4life

**Dr. Latika's**

M.B.B.P. The. (Mum) M.I.A.R. Reg.No.156056

**PHYSIO4LIFE**

**ફિઝીઓથેરેપી એન્ડ રિહેબિલિટેશન સેન્ટર**

૩૭, સાંઈધામ આર્કેડ, પી.કે. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.

મો.. 93222 82003, 93241 82003

**નીચેના દર્દોના ઉપાયો માટે**

| | |
|---|---|
| સાંધાનો ભયંકર દુઃખાવો | સર્જરી બાદની સારવાર |
| કરોડરજ્જુનો દુઃખાવો | પ્રસુતિ પહેલાં અને બાદની કાળજી |
| સાંધામાં અક્કડપણું | ન્યુરો મસ્ક્યુલર દર્દ |
| સ્નાયુઓમાં નબળાઈ | ફેશીયલ પાલ્સી |
| સ્નાયુઓમાં અક્કડપણું | પેરેલિસીસ |
| આર્થરાઈટીસ | શ્વસોશ્વાસની તકલીફ |
| કોષોના નાશવંતપણાના રોગ | સેરેબ્રલ પાલ્સી |
| કરોડરજ્જુમાં ઈજા | વેઈટ મેનેજમેન્ટ |
| ફ્રેક્ચર પછીની સારવાર | સાંધા અને કરોડરજ્જુસંબંધી સલાહ |

સમગ્ર પ્રવાસ આયોજન માટે મંડળના કારોબારી સભ્યોએ સારી જહેમત ઉઠાવેલ.

### મોટીસિંધોડી શ્રી પ્રગતિ મહિલા મંડળ

તા.૧-૩-૧૨ના સ્વપ્નનગરી-મુલુન્ડના ચૌમુખજી દેરાસરનાં દર્શન કરી તારાસિંહ ગાર્ડનમાં વિવિધ જાતની ગેમ્સ રમાડવામાં આવશે સાથે ડબ્બા-પાર્ટીનું આયોજન રાખવામાં આવ્યું છે તો મેમ્બરોએ ઘરેથી યોગ્ય નાસ્તો ડબ્બો ભરીને લાવવાનું રહેશે. અને પરસ્પર વાપરવાનું રહેશે. સર્વે મેમ્બરોને ૩.૩૦ વાગે મુલુન્ડ રેલ્વે સ્ટેશનથી બસ નં.૪૦૫ દ્વારા સ્વપ્નનગરી દેરાસરમાં ભેગા થવાનું છે. સંપર્ક : નીતાબેન મુકેશ શાહ-9987370762, અનીતાબેન ભરત લોડાયા-9820113121, નીરૂપમાબેન નવીન મોતા-9820902916

### પૂ. ગચ્છાધિપતિના વરસીતપ પારણા

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીજીના સળંગ ૪૩મા વરસીતપનાં પારણા કચ્છ કાંડાગરા ગામે સંઘના ઉપક્રમે ત્રિહાન્હિકા મહોત્સવરૂપે તા.૨૨ થી ૨૪ એપ્રીલ ૧૨ના રહેશે. આ પ્રસંગે તા.૨૩-૪ના પારણાત્સવમાં સકળ સંઘના તપસ્વીઓ, સાધુ-સાધ્વીજીઓને લાભ આપવા જણાવાયું છે તપસ્વી શ્રમણ-શ્રમણીઓ પણ ત્યાં પારણાં કરશે. પારણાનો લાભ મા. લક્ષ્મીબેન જગશી છેડા પરિવારે લીધેલ છે.

### પૂ.આ. ગુણસાગરસુરી જન્મશતાબ્દિ વર્ષ

પૂ. ગચ્છાધિપતિશ્રી અને પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીના આજ્ઞા-આશિષે-માર્ગદર્શને દાદાગુરૂ પ.આ. આર્યરક્ષિતસુરીજી અચલગચ્છપ્રવર્તનની ૯મી શતાબ્દિ તથા પૂ.આ.ગુણસાગરસુરીજીની જન્મશતાબ્દિ વર્ષની ઉજવણી વિભન્ન સંઘોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા થઈ રહી છે. વર્ષભર ધાર્મિક-સામાજિક સાંસ્કૃતિક કાર્યક્રમો થવાના છે. પૂજ્યની પ્રેરણાએ ૧૦૦૮ વરસીતપ અભિયાન આદરવામાં આવશે તેના ફોર્મનું વિતરણ થઈ રહ્યું છે. તપસ્વીઓની સંઘદ્વારા ભુરી અનુમોદના કરાશે.

વિવિધ સંઘોમાં નવનિર્મિત સંઘ ભવન-ઉપાશ્રય-પાઠશાળા સાર્વજનિક પ્રકલ્પોને પૂ. "આર્યગુણ" સુર નામાભિધાન કરી સ્મૃતિ અંકિત કરવા અનુરોધ કરાયો છે. જરૂર જણાય ત્યાં અન્નક્ષેત્ર (સાધર્મિક ભક્તિ) કેન્દ્ર શરૂ કરવા અપીલ છે. ધર્મ આરાધના સાથે ધર્મ સંસ્કરણ કેન્દ્રો, પાઠશાળા, ધર્મઆરાધના કરાવવાવાળાનું બહુમાન, સામાજીક કાર્યો, શિક્ષણ-મેડીકલ-સાધર્મિક સહાયતા, મેડીકલ કેમ્પ, સાધર્મિકોને મદદરૂપ થવાની પ્રવૃતિઓ


**દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ સંચાલીત**

**માતુશ્રી જ્વેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી "કચ્છી ભવન"**

કાર્યાલય : 44B, 1st Main Road, Opp. Mini Forest, Near Shopper's Stop, Bannergatta Road, J.P. Nagar, 3rd phase, Bangalore-560078. Tel.: 26586799/26586798 Fax (Contact : Cell No. 09886106912 જયચંદ પુનશી નાગડા (Email : dbkdo.jainekkam@yahoo.in

**કચ્છી-ભવન માટે નકરાની અપીલ**

આધુનિક એરકન્ડીશન્ડ હોલ-સર્વસુવિધાયુક્ત ભોજનકક્ષ રસોડું-સ્ટોરરૂમ તથા વર્તમાન સમયની જરૂરીયાત પ્રમાણે સ્ટાર સગવડતાવાળા ફર્નીશ્ડ એરકન્ડીશન્ડ ૫૪ રૂમો ધરાવતા "કચ્છી ભવન" માટે આવકાર્ય છે.

★ બાકી રહેતા ૧૧ (અગીયાર) રૂમોના દાતા-દરેક રૂમનો નકરો રૂા.૨,૫૧,૦૦૦ (બે લાખ એક્કાવન હજાર)

★ ૩૨૦KVA નો ૧ (એક) જનરેટરનાં દાતા નકરો રૂા.૨૦,૦૦,૦૦૦ (વીસ લાખ)

★ એકમનાં ભંડોળ માટે મુખ્ય સ્તંભ દાતા (Golden Member)ની કુપનો-દરેકનાં રૂા.૨૫,૦૦૦ (પચીશ હજાર)

★ એકમના ભંડોળ માટે "સહાયક સ્તંભ દાતા" (Silver Member) નીકુપનો-દરેકના રૂા.૧૧૦૦૦ (અગીયાર હજાર)

સમસ્ત જ્ઞાતિમાંથી વગર વ્યાજની રૂા.૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) દરેકનાં પાંચ વર્ષ માટે લોન તરીકે આપવા જ્ઞાતિજનો ને કરેલ અપીલના પ્રતિસાદ રૂપે ફક્ત બે જણાનાં

**શ્રી જયંતીલાલ ભવાનજી સોની (સુથરી/મુંબઈ)  શ્રી પુનમચંદ લક્ષ્મીચંદ ધરમશી (છાદુરા/હુબલી)**

દરેકનાં પાંચ લાખ રૂપિયા મળેલ છે. અન્યોનો સહયોગ ન મળતાં બેન્કમાંથી રૂા.૪,૦૦,૦૦,૦૦૦ (ચાર કરોડ)ની લોન લઈ ભવનને પૂર્ણતાને આરે લગભગ પહોંચાડેલ છે.

આ બેન્ક લોન ભરપાઈ થઈ જતાં ભવિષ્યમાં "કચ્છી ભવન"ની આવક સમસ્ત જ્ઞાતિ સમાજનાં ઉત્કર્ષનાં કાર્યો માટેજ વાપરવામાં આવશે તેની ખાસ નોંધ લઈને સ્વેચ્છાએ અમારી આ યોજના માટે ઉપરોક્ત નકરાની રકમોનો લાભ લેવા સર્વે સખી દાતાઓ-શ્રેષ્ઠીઓ તથા જ્ઞાતિનાં સર્વે મોભી મહાજનશ્રીઓને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

જય જય શ્રી જ્ઞાતિમૈયા **લી. દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાળ જૈન એકમ વતી**

**ખુશાલચંદ ધનજી ધરમશી-પ્રમુખ  સતીશ દેવજી શાહ (મૈશેરી)-માનદમંત્રી**

કરવા આહ્વાન કરાયું છે. વિવિધ ધાર્મિક અનુષ્ઠાનોનાં માધ્યમે ધર્મજાગૃતિ લાવવા પ્રયત્ન કરાશે. ગચ્છનું ગૌરવ વધારવા અને શાસન પ્રભાવના કરાવવા વિવિધ જાહેર કાર્યક્રમો તથા યોજનાઓ કરવામાં આવશે.

## હૈદરાબાદમાં નિશુલ્ક નેત્ર તપાસણી શિબિર

હૈદરાબાદમાં રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉન્ડેશન અને લીબર્ટી ઓપ્ટીશ્યનના સંયુક્ત ઉપક્રમે તા.૧૮-૨-૧૨ના સવારે ૧૦ થી ૫માં નિશુલ્ક નેત્ર તપાસણી શિબિર યોજાઈ. ડો. મુરલીધર ગુપ્તાએ શિબિરનું ઉદ્‌ઘાટન કર્યું. આ અવસરે સમાજસેવિકા શશીકલા કોઠારી, ડો. સદા નદમ, ડો. ધીરજલાલ જૈન, બિંદેશ કામદાર, વિજય જાગીરદાર, ડો. આદિત્ય, ધારીણી જાગીરદાર, સુધીર ઘરોડ, પંડિત ભટ્ટ ગેરે પધારેલ. નેત્રદષ્ટિ જાળવણી વિષે સમજ અપાઈ. ૮૯ જણાની તપાસણી કરી નિદાન કરાયા.

## શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠની ધાર્મિક પરીક્ષામાં જ્ઞાતિજનો ઉતીર્ણ

શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠની ૨૪વી વાર્ષિક ધાર્મિક પરીક્ષામાં બાળવર્ગથી ૧૬માં ધોરણ સુધીમાં ૧૧ વિદ્યાર્થીઓમાંથી મેરીટમાં ઉત્તીર્ણ થયેલા જ્ઞાતિજનો, પ્રાચિ અશોક લોડાયા (દલતુંગી-ડોંબિવલી), સ્મીત પરેશ શાહ (દલતુંગી-ડોંબિવલી), લક્ષ વિકાસ દંડ (ભરૂડીયા-મુલુન્ડ), રીના મનોજ શાહ (દલતુંગી-ડોંબિવલી), કાર્તિક મનીષ છેડા (જશાપર-ડોંબિવલી), ભારતીબેન કેતન બુકસેલર (જખૌ-મુલુન્ડ), તેજલબેન હિતેશ લોડાયા (નાનીખાવડી-ડોંબિવલી), મધુરીબેન જયંત લોડાયા (સુથરી-મુલુન્ડ), પુર્ણિમાબેન વિજય ધરમશી (સુથરી-મુલુન્ડ) સર્વેને હાર્દિક અભિનંદન-અનુમોદના.

પૂ.આ.શ્રી ગુણસાગરસૂરિજીની જન્મશતાબ્દિ વર્ષ નિમિત્તે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ તરફથી વિભિન્ન ધાર્મિક કાર્યક્રમો થશે.

## ભાંડુપસંઘમાં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી

યુવાચાર્ય શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા. મુલુન્ડથી ભાંડુપ પધારતાં સંઘ દ્વારા ભવ્ય સામૈયું થયું. પૂજ્યશ્રીની નિશ્રામાં પૂ. દાદાગુરૂ શ્રી આર્યરક્ષિતસુરીની નવમી શતાબ્દિ અને પૂ.આ.શ્રી ગુણસાગરસુરીની જન્મ શતાબ્દિની ઉજવણીરૂપે શોભાયાત્રામાં ગજરાજ પર પૂ.ગુરૂદેવની છબી ફેરવી નાવિન્ય રચવામાં આવેલ. પૂ.આ.શ્રીએ જાહેર વ્યાખ્યાનમાં ગુરૂમહંતોના જીવનચરિત્ર વિષે ઐતિહાસિક વાતો રજુ કરી શતાબ્દિ ઉજવણીમાં ૧૦૦૮ વરસીતપ અભિયાન અને અન્ય વિશેષ કાર્યક્રમોની સમજ આપી. અચલગચ્છના વિકાસમાં જ્ઞાતિના યોગદાનની વાત કરી. મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાએ જ્ઞાતિસ્તરે શ્રી આર્યગુણ ધાર્મિક સંસ્કરણ અભિયાન માટે ધાર્મિક પ્રશિક્ષણ માટે શિક્ષકો દ્વારા જુથ ટ્યુશનો શરૂ કરવાની જાહેરાત કરી હતી. એવીજ રીતે પૂજ્યશ્રીની સ્મૃતિમાં અબડાસા વિસ્તારમાં અન્નક્ષેત્ર લાભ શરૂ કરવાની ભાવના જાહેર કરી જે બન્ને માટે મુંબઈ મહાજન આર્થિક સહયોગ આપશે. પુજ્યશ્રીને મહાજને ભાંડુપ અને અનંતછાયા જિનાલયે ધ્વજાપ્રસંગે નિશ્રા લાભ આપવા વિનંતી કરેલ એ સાથે મસ્જીદબંદર અનંતનાથ જિનાલયે ચાતુર્માસ લાભ આપવા વિનંતી કરેલ. પૂજ્યશ્રીએ હાલારના મોડપુર તીર્થોધ્ધારનો અહેવાલ આપી ભાવિ કાર્યક્રમની ઝાંખી આપી.

શ્રી કુમારભાઈ દંડે પ્રસ્તાવના અને સૂત્રસંચાલન કરેલ. માનદમંત્રી શ્રી ચેતન મોતાએ આવકાર આપેલ. નયન ભેદાએ પૂજ્યશ્રીને વંદન કરી જ્ઞાતિને ધર્મલાભ આપવા વિનંતી કરી. જન્મશતાબ્દિ મહોત્સવના કાર્યક્રમોની રૂપરેખા રજુ કરાઈ.

## શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ અને મા. લક્ષ્મીબાઈ કન્યા છાત્રાલય યોજીત Khel-2012ના વિજેતાઓ

★ રંગોળી : ૧) જયશ્રીબેન જયેશ લોડાયા (સુથરી), ૨) પ્રેમિલાબેન પ્રફુલ મૈશેરી (નાનીસિંધોડી) ★ લેમન એન્ડ સ્પૂન-એ ગ્રુપ ૧) આદિત્ય રાજેશ મોતા (અંબરનાથ), ૨) પ્રાંજલ બિપિન મોમાયા (સાંયરા), બી ગ્રુપ-૧) અરોજબેન લાલજી મુનવર (જખૌ), ૨) પ્રેમિલાબેન પ્રફુલ મૈશેરી (નાનીસિંધોડી). ★ શોર્ટપુર (Girls) ૧) જીનલ ઝવેરચંદ લાલકા (ઘાટકોપર), ૨) પુજા નિતિન લોડાયા (કાંજુરમાર્ગ), શોર્ટપુર (Boys) ૧) જીગેશ નરેન્દ્ર મૈશેરી (પવઈ), ૨) મૈબિલ ઉપેન લોડાયા (ગાંધીધામ)


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
TAN MAN 25th 1985 2010 SILVER JUBILEE YEAR
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

★ રનિંગ (Boys) Below 10 years ૧) સોહમ્ લોડાયા (ઘાટકોપર), ૨) મયંક શશીકાંત દંડ (કાંજુરમાર્ગ), Running (Girls) દેશના બિપિન મોમાયા (એરોલી) વૃષ્ટિ લોડાયા, Above 10-16 years ૧) પરિન જીજ્ઞેશ લોડાયા (ડોંબિવલી), ૨) મયંક ગુલાબચંદ ધુલ્લા (સુરત), ૧) ભક્તિ હિરાચંદ લાપસિયા (ડોંબિવલી, ૨) પ્રાંજલ બિપિન મોમાયા (એરોલી), ૧૬-૩૦ વર્ષના ૧) મૈબિલ ઉપેન લોડાયા (ગાંધીધામ), ૨) ધવલ કુલીનકાંત મોમાયા (ઔરંગાબાદ), ૧) પુજા નિતિન લોડાયા (કાંજુરમાર્ગ), ૨) કિંજલ ધિરેન મૈશેરી (ડોંબિવલી), ★ Chess : Below 16 years : ૧) અક્ષિત રોહિત ઘરમશી (ડોંબિવલી), ૨) નિરવ હિતેશ ખોના (ઘાટકોપર), Above 16 years ૧) રૂપેશ ખુશાલ દંડ (ડોંબિવલી), ૨) કલ્પેશ રતિલાલ ઘરમશી (ડોંબિવલી) ★ Three Leg race : Above 16 years Boys : ૧) મૈબિલ ઉપેન લોડાયા (ગાંધીધામ), નિખિલ ભરત ઘરમશી (સિલવાસા), ૨) સિધ્ધાર્થ મયુર ખોના (ગાંધીધામ), રિષભ નિતિન મોતા (ડોંબિવલી), Girls : પુજા નિતિન લોડાયા (કાંજુરમાર્ગ), તેજલ ખિરેશ ધ્રોળ (ડોંબિવલી), Above 25 years : ૧) વિણાબેન હિરેન કાયાણી (ડોંબિવલી), તેજલબેન શિયાલ, ૨) પલ્લવીબેન ધર્મેશ મૈશેરી (ઘાટકોપર), જયશ્રીબેન જયેશ લોડાયા (ઘાટકોપર) ★ Sack-race : Boys : ૧) ધવલ કુલિનકાંત મોમાયા (થાણા), ૨) મૈબિલ ઉપેન લોડાયા (ગાંધીધામ) Girls : ૧) જયશ્રી જયેશ લોડાયા (ઘાટકોપર), ૨) પુજા નિતિન લોડાયા (કાંજુરમાર્ગ) ★ Carrom : Below 16 years : Single boys : ૧) પ્રાણય ભરત મોમાયા (પુના), ૨) જયેશ વનરાજ લાપસિયા (જામનગર), Single Girls : ૧) પ્રાંજલ બિપિન મોમાયા (એરોલી), ૨) કાજલ, Above 16 years Boys Single : ૧) આતિશ મહેન્દ્ર મૈશેરી (ડોંબિવલી), ૨) મૈબિલ ઉપેન લોડાયા (ગાંધીધામ), Girls Single : ૧) કવિતા મહેન્દ્ર લાપસિયા (ડોંબિવલી), ૨) પુજા નિતિન લોડાયા (કાંજુરમાર્ગ), Below 16 years : Doubles boys : ૧) પ્રાણય ભરત મોમાયા (પુના), રિષભ નિતિન મોતા (ડોંબિવલી), ૨) હાર્દિક મુલચંદ મૈશેરી (ડોંબિવલી), સતિષ મહેન્દ્ર મૈશેરી (ડોંબિવલી), Double Girls : ૧) રિધ્ધિ અરવિંદ લોડાયા (ઘાટકોપર), હેમાશ્રી મેહુલ છેડા (ઘાટકોપર), ૨) ભક્તિ હિરાચંદ લાપસિયા (ડોંબિવલી), Above 16 years : Double Boys : ૧) મૈબિલ ઉપેન લોડાયા (ગાંધીધામ), નિખિલ ભરત ઘરમશી (સિલવાસા), ૨) જીગેશ નરેન્દ્ર મૈશેરી (પવઈ), કલ્પેશ શિયાલ Doules Women ૧) દમયંતીબેન ચાંપશી શાહ (ઘાટકોપર), કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠિયા (ચેંબુર), ૨) લીના હિતેશ લોડાયા (ઘાટકોપર), હંસા હિરેન શાહ (ઘાટકોપર), Above 30 Doubles Man ૧) પરેશ ઝવેરચંદ નાગડા (ઘાટકોપર), શૈલેશ રતનશી મૈશેરી (ઘાટકોપર), ૨) મધુકાંત લોડાયા (ઘાટકોપર), રાજેશ રાયચંદ લાલકા (ઘાટકોપર)

**શ્રી પદ્મમુક્તિ વાત્સલ્યનિધિ ટ્રસ્ટ–ચાલીસગામ**

પૂ.સા.શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ. પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજીના માર્ગદર્શને અને જ્ઞાતિના સહકારથી ટ્રસ્ટ પોતાની સારી રીતે પ્રગતિ કરી રહ્યો છે દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાના દાતાઓ (કાયમી તિથી) : ઠાકરશી રતનશી ગડા (વડોદરા), દામજી હંસરાજ ઘરમશી (વરલી), દેવજી પુનશી મોતા (તેરા-અંકલેશ્વર), મીનાબેન શામજી લોડાયા હ. તરલાબેન-રાજુલબેન (થાણા), લક્ષ્મીચંદ કેશવજી લોડાયા હ. વિજયાબેન દેવજી પટેલ, વિરચંદભાઈ ભાટે (ચાલીસગામ), ગુલાબભાઈ દેવશી ડાઘા (અમલનેર), દેવજી રતનશી પટેલ હ. વિજયાબેન દેવજી પટેલ, વિરચંદભાઈ ભાટે, (ચાલીસગામ) તથા નવલબાઈ દામજી ઘરમશી (વરલી), ધનબાઈ સોજપાલ (મુંબઈ) વધુ સંપર્ક માટે - સૌ. રેખાબેન લલીત મોમાયા (ચાલીસગામ) 02589-222058

**ક.દ.ઓ. જૈન સમાજ વડોદરા**

તા.૨૬-૧-૧૨ના શ્રી વિમલનાથ ભગવાનના જન્મ કલ્યાણક નિમિત્તે દરેક ભાગ્યશાળીઓને પેંડાની પ્રભાવના તથા શ્રી વિમલનાથ મહાપૂજન માતુશ્રી નીર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી ભણાવવામાં આવેલ. પૂજન ભણાવવા વિધિકાર શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ પધારેલ. પૂજનમાં


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

બધા જણાએ લાભ લીધેલ.. એમના પરિવાર તરફથી ત્રણ ભગવાનને હીરાના હાર ચડાવવામાં આવેલ. પૂજનમાં જીવદયાનો ફાળો રૂા.૧૩૯૬ થયેલ. પૂજન બાદ સાધર્મિક ભક્તિ એમના તરફથી રાખવામાં આવેલ.

રાત્રે ૮.૩૦ કલાકે પ્રભુજીની ભાવના શ્રી અંકીત શાહ એન્ડ પાર્ટીએ રમઝટ બોલાવેલ. ૩ ભગવાનની અંગરચના શ્રી કેવલ નવીનચંદ્ર વીકમશી તથા પુજારીએ કરેલ. આખા જિનાલયને લાઇટો તથા ફુલોથી યુવક મંડળના સભ્યોએ શણગારેલ. આખા દિવસનો લાભ માુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે લીધેલ.

બપોરના ૨.૩૦ કલાકે પ્રજાસત્તાક દિન નિમિત્તે શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ તરફથી રમત-ગમતના હરિફાઈઓ રાખવામાં આવેલ. નાના મોટા સહુએ સારી સંખ્યામાં હરિફાઈઓમાં ભાગ લીધેલ.

### સાંયરા

તા.૬-૨-૧૨ના કાંતાબાઈ મણીલાલ મૈશેરી તરફથી મહાકાળી માતાજીની ભાના થયેલ. તા.૭-૨-૧૨ પૂનમના રતીલાલભાઈની સળંગ ૭૫મી પૂનમ નિમિત્તે માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર તરફથી ઘર દીઠ ૧ કિલો સાકરની પ્રભાવના થયેલ તથા સ્કૂલમાં બાળકોને બીસ્કીટની પ્રભાવના કરવામાં આવેલ.

### વડોદરામાં સમસ્ત જ્ઞાતિ મહાજનની સંપર્ક બેઠક

તા.૬-૨-૧૨ના સાંજે ૬ કલાકે શ્રી ક.દ.ઓ. ભવન ખાતે શ્રી ક.દ.ઓ. મહાજનની જ્ઞાતિ સંપર્ક બેઠક યોજાયેલ. જેમાં મુંબઈથી શ્રી ચીમન મેઘજી મોતા (સેક્રેટરી જનરલ) તથા શ્રી ચંપક જીવાણી (ટ્રસ્ટી) પધારેલ.

વડોદરાના સભ્યો ઉપરાંત વાપી-સુરત-અંકલેશ્વર-આણંદ-હાલોલથી પ્રતિનિધીઓ પધારેલ.

સમસ્ત મહાજન વિષે જ્ઞાતિમાં જાગૃતી લાવવા ઉપરાંત બંધારણના દાયરામાં રહી આ અંગે જ્ઞાતિજનોની સમસ્યા પ્રશ્નો જાણવા અને તેમના સુચનોને આવકારવા પરસ્પર સમન્વયના સેતુ દ્વારા જ્ઞાતિબંધુત્વ તથા જ્ઞાતિદાઝની ભાવનાને બળવતર બનાવવા માટે વિશદ ચર્ચા વિચારણા થયેલ.

શ્રી નીશીથભાઈ દંડે આભાર દર્શન કરેલ. સાંજના ચૌવિહાર કરીને બધા છુટા પડેલ.

### કુ. ખ્યાતિ વિજય વોરાની સિધ્ધી

કુ. ખ્યાતિ વિજય વોરા (જામનગર) એ રાજ્ય સરકાર યોજીત ખેલમહાકુંભ-૨૦૧૧ અંતર્ગત ૧૬ થી ૨૧ વર્ષના વયજુથની બાલીકાઓની ૫૦ મીટર ફાસ્ટ વોકની સ્પર્ધામાં ત્રીજા ક્રમે આવી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

કુ. ખ્યાતિએ સતત ત્રણ વર્ષ આ સ્પર્ધામાં ભાગ લઈ વિજયી થઈ છે.

વર્ષ ૨૦૦૯માં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ, વર્ષ ૨૦૧૦માં બીજા ક્રમે આવી સીલ્વર મેડલ અને વર્ષ ૨૦૧૦ મહેસાણામાં યોજાયેલ ખેલમહાકુંભમાં રાજ્ય કક્ષાએ ત્રીજા ક્રમે આવી છે.

સામાન્યતઃ માનસિક અણવિકસીત બાળકોમાં આ એક પડકાર હોય છે. તેમ છતાં ખ્યાતિએ મેળવેલ સિધ્ધિ જ્ઞાતિનું ગૌરવ છે. રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી હસ્તે સન્માનિત કરી અભિવાદન કરાયેલ.

### રાપરગઢવારી તીર્થની ૧૨૦મી સાલગિરિ

રાપરગઢવારી જિનાલયની ૧૨૦મી સાલગિરિ નિમિતે ધ્વજારોહણ પ્રસંગની ઉજવણીમાં સર્વે ગામાવાસીઓ તથા નિયાણી બહેનો સહભાગી થશે. તા.૨૬-૫ના મુંબઈથી સંઘરૂપે ત્ર્યાન્હિકા મહોત્સવે ભાવિકો જનાર છે. મહોત્સવમાં ૧૦૮ પાર્શ્વનાથ પુજન, જિનાલય સજાવટ રોશની, વિશિષ્ટ આરતી, પં. વિશાલ ધરમશી સંગે ધાર્મિક પ્રશ્નોતરી, અઢાર અભિષેક, ભક્તિ ભાવના, શોભાયાત્રા, સતરભેદી પુજા, ધ્વજારોહણ વગેરે કાર્યક્રમ રહેશે. સંઘના વિવિધ સાધર્મિક ભક્તિના લાભ દાતાઓએ લીધા છે.

### સમસ્ત મહાજનના પગલે નવા જ્ઞાતિ મહાજનોની રચના

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સમસ્ત મહાજનના પુનઃ કાર્યાન્વિત થયાના પગલે અને સક્રિયતાએ વિવિધ જ્ઞાતિ મહાજનોની રચના થઈ રહી છે.

પશ્ચિમ ભારત એકમનાં કાર્યક્ષેત્રમાં પાલીતાણા, હાલોલ વગેરે સ્થળે નવા મહાજન ગઠિત થયા છે. મધ્યપ્રદેશમાં ઇંદોર મહાજનની સત્તાવાર રચના કરાઈ છે અને મહારાષ્ટ્ર એકમ કાર્યક્ષેત્રમાં નાગપુર મહાજનને વિધિવત સ્વરૂપ આપવા સક્રિયતા જોવા મળી છે. સામાન્યતઃ દેશાવળોમાં આપણો જ્ઞાતિ સમુહ ત્યાંના અચલગચ્છ કે કચ્છી સમાજની

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

સાથે સંકળાયેલો રહે છે. જે સંપ સહકારની નિશાની છે. તેમ છતાં જ્ઞાતિસ્તરે તેમની વિધિવત અલગ ઓળખ અને સંસ્થા હોવાના પગલે જ્યાં મહાજન ન હોય ત્યાં મહાજનોની રચના કરાઈ રહી છે.

સમસ્ત મહાજનનાં બંધારણ અનુસાર જ્યાં ઓછામાં ઓછા ૩૦ કે તેથી વધુની જ્ઞાતિ સંખ્યા હોય ત્યા સ્થાનિક મહાજન રચી શકે છે. આ વિષયે સમસ્ત મહાજનનું માર્ગદર્શન લઈ શકાય છે.

### શ્રી પ્રેમચંદ મોતા

શ્રી પ્રેમચંદભાઈ માલશી મોતા (કુવાપધર-કોલકતા) મસાલા અને તેજાના બજારના જાણીતા વિશ્લેષક અને અભ્યાસુ છે. તેઓ ઇન્ડીયન સ્પાઈસીસ અને ફુડસ્ટફસના વૈશ્વિક વ્યાપારના તેજી-મંદીના જાણકાર અને મસાલા-તેજાના બજારના આંતરરાષ્ટ્રીય સમીક્ષક છે. તેઓ એ વિષયના વિવિધ એસોસીયેશનો સાથે સક્રિયપણે સંકળાયેલા છે અને જન્મભૂમિ ગ્રુપ આદિ વ્યાપાર-ઉદ્યોગક્ષેત્રના વર્તમાનપત્રોનાં નિયમિતપણે સંશોધનાત્મક માહિતીપ્રદ લેખો રજુ કરે છે.

આંતરરાષ્ટ્રીયકક્ષાએ વિવિધ મસાલા તેજાના બજારે તેમના આ ક્ષેત્રના વિશિષ્ટ યોગદાનની નોંધ લીધી છે. તેમના જ્ઞાન-અનુભવની બજારરૂખોની નોંધ લંડનના ધી પબ્લીક લેજર મેગેઝીનમાં પણ લેવાઈ છે. ભારતની મસાલા-તેજાના બજારને વૈશ્વિકસ્તરે વધુ વિકસાવવાના પ્રયાસોમાં તેમનું યોગદાન નોંધનીય છે. વિશેષમાં તેઓ સ્લોગન, જિંગલ અને કાવ્યના શીઘ્રકવિ છે.

### ડાઘા માલદે ખેરાણી પરિવાર

જ્ઞાતિના ડાઘા માલદે ખેરાણી પરીવાર-દલતુંગી ૨૭-૪-૧૨ના દલતુંગી મુકામે માતાજીની ધજા તથા ધોતનો કાર્યક્રમ છે. કુટુંબીજનોને પધારવા આમંત્રણ.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ

મંચ દ્વારા તા.૧૯-૨-૧૨ના સાંજે ૪ થી ૯ દરમ્યાન મુલુંડમાં એસ.એમ.પી.આર. શાળામાં પાચમો વાર્ષિકોત્સવ, સ્નેહમિલન અને દાંડીયારાસ તથા વિવિધ અભિવાદનનો કાર્યક્રમ ૩૦૦ થી અધિક વરાડીયા વાસીઓ તથા નિયાણી બહેનોનાં પરિવારજનોની ઉપસ્થિતિમાં ઉજવાયો. સાધર્મિક ભક્તિના દાતા મા. ચંપાબેન હંસરાજ પરબત ડાઘાના પરિવારજનો સૌ. હસુમતી તથા શ્રી હીરાલાલ ડાઘાને વાજતે ગાજતે આવકારી સ્ટેજ પર તેમના હસ્તે શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીની છબીને માળારોપણ તથા દીપ પ્રજવલન કરી કાર્યક્રમની શરૂઆત થયેલ. કુ. દિવ્યા શરદ મોમાયા (હુબલી) સ્વાગત ગીતના નૃત્ય સાથે નવકાર મંત્ર રજુ કરેલ. પ્રવક્તા સૌ લીના હિરેન લોડાયા (વરાડીયા) એ મહિલામંચની પાંચવર્ષની પ્રવૃતિઓનો ખ્યાલ આપેલ તથા મંચને વિશિષ્ટ રીતે સહાયભુત થનાર દાતા પરિવારોનો ઉલ્લેખ કરેલ. સ્થાપના બાદ નવેમ્બર ૨૦૦૭માં પ્રથમ સ્નેહમિલનમાં કુંવરબાઈ ભવાનજી સોની પરિવાર હસ્તે શ્રી જયંત સોની એ રૂા.૫૧,૦૦૦/- તથા મા. ગંગાબાઈ નરશી જેઠાભાઈ દંડ પરિવાર (મલકાપુર)ના રૂા.૨૫,૦૦૦/ ના યોગદાનથી મહિલામંચનો પાયો મજબુત બનેલ. બીજા, તથા ત્રીજા વાર્ષિકોત્સવના સહાયક દાતાઓ મા. કસ્તુરબાઈ દામજી વેલજી ડાઘા હ. અશોકભાઈ (કોઇમ્બતુર), મા. હીરબાઈ મેઘજી દેવશી મોમાયા હ. માણીકાંતભાઈ (હૈદરાબાદ) તથા મા. ચંપાબાઈ હંસરાજ પરબત ડાઘા હ. હિરાલાલભાઈ (મુંબઈ) એ મહિલામંચને નોંધનીય યોગદાન આપેલ. શ્રી માણીકાંતભાઈના આ મંત્રને માન આપી વર્ષ ૨૦૦૯માં ૪૫ સભ્યોએ હૈદ્રાબાદની શાહી મેહમાનગતી માણેલ તથા રામોજી ફિલ્મસીટી, નવગ્રહ મંદિર વગેરેના પ્રવાસ માણેલ. વર્ષ ૨૦૧૧માં એમના સહયોગથી કુમઠા-ચાલીસગામના યાત્રા પ્રવાસમાં ૬૫ સભ્યો જોડાયા હતા. આ વાર્ષિકોત્સવના હોલ બુકીંગ તથા ડેકોરેશનના દાતા મા. કસ્તુરબાઈ દામજી વેલજી ડાઘા હ. અશોકભાઈ (કોઇમ્બતુર) હતા.

રાજુ ઢોલી તથા સાથીદારોના ઢળુકતા ઢોલ તથા મધુર શરણાઈના સુરોમાં ઢોળ રાંધ, મહુકડી, દાંડીયારાસ તથા કપલ દાંડીયા રાસનું આયોજન થયેલ તથા સારી રમત માટે વિજેતા સ્પર્ધકોને ઇનામ આપાયેલ. નિર્ણાયક તરિકે હુબલીના શરદ મોમાયા તથા પ્રવક્તા લીના લોડાયા સેવા આપેલ.

શ્રીમતી ઈંદીરા જયંત વિકમશી (જખૌ-ઘાટકોપર)ની સમાજસેવકની ઝલક રજુ થયેલ. એઓ બહારગામ હોવાથી

## નલિયા-સચ્ચાઈમાંની પહેડી

નલિયા-લોડાયા ફળિયા સ્થિત સચ્ચાઈમાંની પહેડી શુક્રવાર **તા.૬-૪-૨૦૧૨** યોજેલ છે. તો સર્વે ભાવિકોએ લાભ લેવા વિનંતી છે.

**-: સંપર્ક :-**

**ભૂઈમાં જ્યોત્સનાબેન લોડાયા**

**ફોન : 09844406425**

ઉપસ્થિત રહી શક્યા ન હતા. સમાજસેવા માટે બીજા શ્રીમતિ ખામાબેન ધર્મેન્દ્ર નાગડા (જખૌ-માટુંગા)નું અભિવાદન થયેલ. વિવિધ કલા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપી રહેલા સૌ. દીપાલી નીતીન નાગડાનું મહેંદી માટે તથા કુ. સુપ્રિયા ચેતન ડાઘાનું નૃત્ય પ્રવૃતિઓ માટે અભિવાદન કરવામાં આવેલ. ડબલ ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડોક્ટર, સી.એ., એમ.બી.એ., વગેરે ડીગ્રી ધરાવનાર વરાડીયાની મહિલાઓ તથા નિયાણીબેનોનું પણ અભિવાદન થયેલ.

વર્ષ ૨૦૧૨-૧૩ માટે મહિલામંચના ૧૩૯ નવા સભ્યો થયેલ. આ સર્વે સભ્યોને વોટર બોટલ, સર્વે સ્પર્ધકોને ઈનામો, સર્વે નાના બાળકોને ગીફ્ટ તથા લકી ડ્રો વગેરેના દાતા મહિલામંચના વર્તમાન છ કમીટી મેમ્બરો હતા.

મુલુન્ડ વિસ્તારના વિધાન સભ્ય સરદાર તારાસિંહે કાર્યક્રમમાં હાજરી આપેલ. મહિલામંચે તેમનું અભિવાદન કરેલ. તેમણે મહિલામંચને શુભેચ્છાઓ વ્યક્ત કરેલ. મહિલા મંચને મળેલ અન્ય યોગદાનમાં મા. મણીબેન મધુકાંત મોમાયા પરિવારે (અંકલેશ્વર) રૂા.૬૧૦૦/-, પોતાના જન્મ દિન નિમિતે, શ્રી ચેતન શાંતિલાલ ડાઘાએ રૂા.૫,૦૦૦/, પુત્રના લગ્નની ખુશાલીમાં, સૌ. શીલા રતીલાલ મોમાયા તરફથી રૂા.૧૫૦૦/- મા. લક્ષ્મીબેન મણીલાલ ભવાનજી મોમાયા તરફથી રૂા.૨,૫૦૦/- સૌ. ખમાબેન ધર્મેન્દ્ર નાગડા તરફથી રૂા.૧,૫૦૦/- તથા મા. વેજબાઈ ખીમજી મોમાયા પરિવાર તથા શ્રી હરીશ ધનજી ડાઘા તરફથી રૂા.૫૦૦/- ભેટ મળ્યા.

કાર્યક્રમબાદ મહિલામંચના કારોબારી સભ્યો વતી પ્રવક્તા સૌ. લીનાબેન હિરેન લોડાયાએ આભારવિધિ કરેલ તથા અવસર કેટરર્સનું કચ્છી વિયારુની લહેજત માણી સર્વે છુટા પડેલ.

## ભલારાદાદા ભાવિક ગ્રુપ-મોટી વરંડી

શ્રી ભલારાદાદા તથા શ્રી સચ્ચઈ માતાજીને મોટી વરંડી સ્થાનકે નમતા ભાવિકો દ્વારા સમુહ પહેડી સુંદર રીતે યોજાયેલ. પહેડીના સૌજન્ય દાતા શ્રી રતનશી તેજપાર લોડાયા પરિવાર (વરાડીયા) ના સભ્યો દ્વારા વાજતે ગાજતે પ્રવિણભાઈ પીર (ભાંડુપ)નાં ઘરેથી માતાજી, ભલારાદાદા શ્રી ક્ષેત્રપાળદાદા ના ફોટા લાવી ભાવિકોની ઉપસ્થિતિએ શેઠશ્રી નરસી નાથા-સભાગૃહમાં સ્થાપના ઢોલ શ્રી રાજુભાઈ ઢોલી, બિપિન ગોર તથા સાથી કલાકારો દ્વારા ભક્તિગીતોની રમઝટ સાથે ગરબા રમાડતાં ભાવના ભણાવેલ. દાતા પરિવાર દ્વારા રૂા.૧૦નું ભાવિકોનું સંઘપૂજન કરવામાં આવેલ. અગામી માગસર ૫ના, સ્થાનકે ધ્વજા શિખર તેમજ ઘુમ્મટના ચડાવવાનો આદેશ શેઠશ્રી રતનશી તેજપાર લોડાયા પરિવાર (વરાડીયા)એ દરેકના રૂા.૬,૬૬૬/-ના બોલી (ઉછામણીથી) લાભ લીધેલ.

ભાવિકો દ્વારા એક દિવસીય પિકનિકનું આયોજન જયશ્રીબેન પીર તથા ચિરાગ પ્રવિણ પીર કરશે. તા.૨૨-૪-૧૨ના ટિકુજીની વાડી (થાણા) જવાનું નકી કરેલ છે. સર્વે ભાવિકોને પધારવા જણાવાયું છે. વ્યક્તિદીઠ રૂા.૬૦૦/- ચાર્જ રહેશે. વાર્ષિક સભા તથા પ્રસાદનો લાભ લઈ માતાજી તથા શ્રી ભલારાદાદાની જય બોલાવી સૌ છૂટા થયા.

## વડોદરામાં શ્રી સચ્ચામાની સમૂહ પહેડી

શ્રી સચ્ચામાના ભાવિક પરિવારો છેલ્લા ૧૮ વર્ષથી સંળગ માની સમૂહ પહેડી યોજે છે. આ વર્ષે માની ૧૯મી સમૂહ પહેડી તા.૫-૨-૧૨ના કે.ડી.ઓ. ભવનમાં ઉજવાઈ ૧૯મી સમૂહ પહેડીનો સંપૂર્ણ લાભ શા. કલ્યાણજી મુલજી લોડાયા પરિવાર (તેરા) હસ્તે શાંતિલાલ લોડાયાએ લીધેલ. સવારનાં પૂ. માતાજીની ભવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે કે.ડી.ઓ. નગરથી નીકળી કે.ડી.ઓ.ભવનમાં પધરામણી તથા સ્થાપના બાદ માતાજીની ભક્તિ ધુન દાતા પરિવારના હસ્તે પૂ. માતાજીને શ્રીફળ તથા જુવાર ધરાવ્યા બાદ પહેડીના દાતા શ્રી શાંતિલાલ લોડાયાનું માના ભાવિકો વતી અચલગચ્છ સંઘના ટ્રસ્ટી શ્રી વીશનજીભાઈ ગડા તથા શ્રી નેમચંદભાઈ ગડાએ તીલક, શ્રીફળ, હારથી તથા વડોદરા સમાજના પ્રમુખ શ્રી ઠાકરશીભાઈ પનપારીયાએ શાલથી બહુમાન કર્યું માતાજીના ગરબા અને ૧૨.૩૯ વાગે માતાજીની આરતી થઈ.

પૂ. માતાજીની ધુન તથા ગરબામાં શ્રીમતી અંજનાબેન શાહ (સુરાવલીગ્રૃપ) એ રમઝટ જમાવેલ. દાતા પરિવાર તરફથી પહેડીમાં પધારેલ નિયાણી બહેનોને રૂા.૧૦ની પ્રભાવના થઈ. વડોદરા ઉપરાંત આણંદ, દાહોદ રાજપીપળા, છાડની દશરથથી કુલ્લ ૫૦૦ ભાવિકો તથા નિયાણી બહેનોએ પહેડી, પ્રસાદ તથા સાધર્મિક ભક્તિનો લાભ લીધો પહેડીનું સંચાલન શ્રી કિશોર ધુલ્લા ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા તથા કલ્યાણજીભાઈ ગડાએ કર્યું.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ

મંડળ દ્વારા તા.૨૬-૧-૧૨ના પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિતે વિવિધ ગમતની હરિફાઈઓ થઈ. શ્રી વિમલનાથ દાદાનો જન્મ કલ્યાણક દિન હોઈ સવારે શ્રી

વિમલનાથ પુજન, બપોરે સ્વામિવાત્સલ્ય, સાંજના અલ્પાહાર, રાત્રે પ્રભુજીની ભવ્ય આંગી તથા સંગીતમય ભાવના રાખવામાં આવેલ. સર્વે જ્ઞાતિજનોએ ઉમળકાભેર ભાગ લીધેલ. કાર્યક્રમનો સંપુર્ણ લાભ માતુશ્રી નિર્મળાબેન કુંવરજી લાલકા પરિવારે લીધેલ. બપોરના ૨.૩૦ વાગે મહિલા મંડળ આયોજીત હરિફાઈમાં ઉમર પ્રમાણે વિવિધ રમતો રમાડવામાં આવેલ. વિજેતાઓમાં ૩ થી ૫ વર્ષમાં દેવયાની ધુલ્લા, ૬ થી ૧૦માં ૧) જૈનમ દંડ ૨) ધ્રુવી દંડ ૧૧ થી ૧૫માં ૧) નિકિતા દંડ ૨) સાક્ષી નાગડા ૨૧ થી ૩૦મા (૧) શ્રુતિ ઘરમશી ૨) શીતલ ધુલ્લા ૩) રશ્મી મોમાયા. યુવકોમાં ૧) અંકીત મૈશેરી ૨) પાવન નાગડા ૩૦ થી ૪૫મા ૧) રંજન નાગડા ૨) ચારૂ નાગડા ૩) ચંદ્રેશ નાગડા ૪૫ થી ઉપરમાં ૧) ગીતાબેન મોમાયા, ૨) જયાબેન મોમાયા અને કપલ ગેમમાં ૧) રશ્મી અવિનાશ દંડ ૨) શીતલ રાજેશ ધુલ્લા વિજેતા થયા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા મંડળના સભ્યો તથા વર્ષાબેન પટેલનો સારો સાથ સહકાર મળેલ. સૌ જ્ઞાતિજનોએ કાર્યક્રમમાં ભાગ લઈ આનંદ માણ્યો.

### નલિનપૂર નારી નિગમ

નિગમ દ્વારા તા.૭-૨-૧૨નાં શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુંડમાં કાર્યક્રમ યોજેલ. શ્રીમતી અનુરાધા પાટીલે સજોગ થેરેપી પર માર્ગદર્શન આપેલ. શ્રીમતી માલિની નાગડાએ વિવિધ પ્રકારની સેન્ડવીચો બનાવામાટે ડેમોસ્ટ્રેશન આપેલ. છેલ્લે બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ હરિફાઈમાં ૧) વીણા લોડાયા, ૨) હંસીકા લાલકા ૩) રીતીકા ભઠારીએ પારિતોષીક મેળવ્યા. આલ્હાદક ઉપહારની મજા માણી સૌ છુટા પડ્યા. માર્ચમાં વિશ્વનારી દિન ઉજવામાં આવશે. નિગમની બહેનો જેઓ વ્યવસાય, ધંધો કે પ્રોફેશનમાં હોય તેમનું સન્માન કરવામાં આવશે. બહેનોએ પોતાના નામ-વ્યવસાયની માહિતી નિગમને લખી મોકલવા જણાવાયું છે.

### ઐતિહાસીક ઔરંગાબાદમાં સર્જાયેલ નવો ઈતીહાસ

એશિયા ખંડમાં સૌથી ઝડપથી વહોલ શહર (fastest growing city in Asia) જગ પ્રસિદ્ધ આઠ આશ્ચર્ય માંથી (Eight Wonders of the world) એક આશ્ચર્ય ધરાવતા, મહારાષ્ટ્રના પર્યટન સ્થળ ઔરંગાબાદના ઈતીહાસમાં જગ પ્રસિદ્ધ "અજંતા એલોરા"ની પ્રાચીન ગુફાઓ જે world Heritage છે. બીબી કા મકબરા જે તાજ મહાલની હુબેહુબ પ્રતીકૃતી છે. ઔરંગાબાદ શહરમાં અલગ અલગ જગ્યાએ પ્રાચીન બંધાયેલ કુલ ૫૨ (બાવન્ન) દરવાજા છે જેથી ઔરંગાબાદને દરવાજાના શહેર તરીકે પ્રસિધ્ધી મળી છે. "પૈઠણ ગાર્ડન" જે મૈસુરના પ્રસિદ્ધ વૃંદાવન ગાર્ડનની જેમ બનાવેલ છે. હોટેલ મેનેજમેંટ કેરીઅર માટે દેશ માં પ્રસિદ્ધ એવુ IHM-Institute of Hotel Management છે જ્યાં દેશભરથી વિદ્યાર્થીઓ ભણવા આવે છે. આવા અનેક પ્રાચિન અને વર્તમાન પ્રસિદ્ધી ધરાવતા ઔરંગાબાદમાં નવા સર્જાયેલ ઈતીહાસમાં-

સ્વ. રવિન્દ્રનાથ ટાગોરના લખેલ એક ગીતને તા.૨૭ ડિસે. ૧૯૧૧ રોજ અધિવેશનમાં પહેલી વખત પ્રસ્તુત કરવામાં આવેલ અને તા.૨૪ જાન. ૧૯૫૦ના આ ગીતને ભારતના રાષ્ટ્રગીત તરીકે જાહેર કરવામાં આવેલ. તા.૨૦ ડિસે. ૨૦૧૧ના આ શતાબ્દી વર્ષ નિમીતે ઔરંગાબાદના લોકમત ગ્રુપ તર્ફે સમુહ રાષ્ટ્રગીત ગાયનનું આયોજન તા.૨૫ જાન. ૨૦૧૨ રોજ કરવામાં આવેલ જેમાં એક સાથે ૧૫૨૫૦ થી પણ વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી ઔરંગાબાદ વાસીઓએ વિશ્વવિક્રમ કરેલ. લંડનથી અહીં ઉપસ્થિત ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના પ્રતિનિધીઓએ લોકમત ગ્રુપને પ્રમાણપત્ર જારી કરી આ વિશ્વવિક્રમની નોંધ ગ્રિનીજ બુક માં કરેલ. આ પહેલાનો સમુહ રાષ્ટ્રગીત ગાયનનો વિશ્વવિક્રમ પાકિસ્તાનમાં થયેલ જેમા લગભગ ૫૮૦૦ સંખ્યા હતી. આ ઉપરાંત થોડા સમય પેલા ઔરંગાબાદમાં એક સાથે ૧૫૦ થી વધુ મર્સિડિઝ બેંઝ કારની બુકીંગ થયેલ અને આ પુરી થયા પછી તરતજ એક સાથે ૧૦૧ BMW કારની બુકીંગ થયેલ જેની પણ વિશ્વવિક્રમમાં નોંધ થયેલ. એશિયા ખંડમાં મોટા શોપિંગ મોલ તરીકે અહીંના Prozone Mall ની નોંધ થયેલ. આ મોલની કુલ જગ્યા લગભગ ૨૫ એકર જેટલી છે.


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## ખંડવા

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલય ૯૯ વર્ષગાંઠ-ધ્વજારોપણ મહાસુદ ૧૩, તા.૫-૨-૧૨ના ધૂમધામની કરવામાં આવ્યો.. આ શુભ અવસરે લાભ લીધા ધ્વજારોહણ ૨૧૦૨૨ મણ શા.. વીશનજી જીવરાજ ગોસર પરિવાર, આરતી-૬૬૬ મણ શા.. નવીનચંદ રાયચંદ નાગડા પરિવાર, મ.દીવો-૫૫૫ મણ સૌ.. તારામતિ લક્ષ્મીચંદ દંડ પરિવાર, શાંતિકલશ-૫૦૧ મણ સૌ.. તારામતિ લક્ષ્મીચંદ દંડ પરિવાર.

આ મંગલ પ્રસંગે પ.પૂ.સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.આ.ઠા.૫ ઉપસ્થિત હતા..

શ્રી ક.દ.ઓ.સંઘની સા.. ભક્તિનો લાભ માતુશ્રી ખેતબાઈ ગોવિંદજી મોમાયાના સ્મરણાર્થે શા.. રાયચંદભાઈ મોમાયાએ લિધેલ..

દેરાસરજીનું જીર્ણોદ્ધાર કાર્ય ચાલુ છે. પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રી મ.સા.નું માર્ગદર્શન મળી રહ્યો છે.

પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.. અને પ.પૂ.સ્વામી હિમાંશી મ.સા.ના વિહાર ઇંદોર મંદિરથી ખંડવા તરફ થઈ ગયો છે. તા.૨૪-૨- સુધી ખંડવા પહોચશે.

## વારાપધ્ધર

તા.૧૨-૨-૨૦૧૨ના તપસ્વીરત્ન અચલગચ્છાધિપતી આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરજી મ.સા.. તથા આદિ થાણા તેમજ પ.પુ.. સાધ્વી નંદીષેણા મ.સા.આ.ઠા.. સાધ્વીશ્રીજી પધાર્યા છે. વારાપધ્ધર જૈન સંઘ તથા સ્થાનિક જૈનેતરોએ સામૈયું કર્યું. ઉપાશ્રયમાં પ.શ્રી.એ માંગલિક સાંભળાવ્યું અને મુનિશ્રી પ્રિયંકરસાગરે વ્યાખ્યાન આપ્યું.. વ્યાખ્યાનમાં રૂ.૧૦ સંઘપૂજન માતુશ્રી તેજબાઈ લાલજી લોડાયા હસ્તે અરવિંદભાઈ તરફથી કરવામાં આવેલ.. તા.૧૩-૨-૧૨ના પૂજ્ય મહારાજ સાહેબ વાંકુ તરફ વિહાર કરેલ..

**નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નેણશી બી. ધરમશી** | ૪૦૮૪, સાઈધામ, બીલ્ડીંગ નં.૧૪૯, પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૫. |
| **તિલકચંદ જે. ખોના** | બી-૧૩૩, ઇશ્વરનગર અપાર્ટમેન્ટ, પેલેસ ગ્રાઉન્ડ સામે, સોરુ સેક્ટર રોડ, જામનગર ૩૬૧૦૦૮ |
| **વિનોદ વિશનજી નાગડા** | H.No.61818, K. Marutirao Old NGS કોલોની, નીઝામાબાદ એ.પી.૫૦૩૦૦૨ |
| **લહેરચંદ નરશી લોડાયા** | C/o.જીવનસંધ્યા MKS Ch.Trust, ઝાકીર હુસેન સોસાયટી પાછળ, ઓફ મુલગુંડ રોડ, ગદગ-582103 08722762051 |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭-૨-૧૨ | ઠાકુરલી | VKLA | હર્ષ-અજીત ગોવિંદજી લાલકા | વાંકુ | પુત્ર |

**લગ્ન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૧-૧૨ | માટુંગા | JKMO070403 | આનંદ વિનય પ્રફુલ ઝવેરી (મોમાયા) | જખૌ | ૨૭ |
| | સાંતાક્રુઝ | JKLD010603 | હેમાંગી કમલેશ વિરચંદ લોડાયા | જખૌ | ૨૪ |
| ૧૭-૨-૧૨ | મલકાપુર | VRDD011204 | હિતેશ સોમચંદ કલ્યાણજી દંડ | વરાડીયા | ૨૬ |
| | પરભણી | JKSO010305 | ભાવિકા અશોક હીરજી સોની | જખૌ | ૨૫ |
| ૨-૨-૧૨ | મલકાપુર | SULO081103 | ધવલ વિજયકુમાર વાલજી લોડાયા (પીર) | સુથરી | ૨૬ |
| | વાશી | VKMT011004 | પૂર્વી ગુલાબચંદ અરજણ મોતા | વાંકુ | ૨૫ |

**આંતરજ્ઞાતિય લગ્ન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૧-૧૨ | ડોંબિવલી | VRMO070304 | વિરેન રતીલાલ શામજી મોમાયા | વરાડીયા | ૨૭ |
| | ભાવનગર | A | દિપ્તી નરેન્દ્ર રમેશચંદ્ર દવે | ભાવનગર | ૨૬ |
| ૬-૧-૧૨ | ઇન્દૌર | A | મયંક પુજેશકુમાર જૈન | છીંદવાડા | ૨૬ |
| | ઇન્દૌર | NLLO090703 | સ્નેહા સુધીર પાસુભાઈ લોડાયા | નલિયા | ૨૪ |
| ૧૮-૨-૧૨ | કેનેડા | TRLO061403 | નિરવ ગિરીશ હીરાચંદ લોડાયા | તેરા | ૩૦ |
| | કેનેડા | A | હિનલ સુમતીચંદ્ર સોમાલાલ શેઠ | પાલનપુર | ૩૦ |

**મરણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૨-૧૨ | મુલુન્ડ | LLDD030201 | ચંદ્રેશ ભવાનજી ખીમજી દંડ | લાલા | ૬૩ |
| ૧૮-૨-૧૨ | મુલુન્ડ | RADH020301 | હરીશ કેશવજી કાનજી ધરમશી | રંગપુર | ૫૩ |
| ૧૯-૨-૧૨ | થાણા | SIMI0090401 | પ્રેમીલાબાઈ જેઠાભાઈ પુનશી મોમાયા | સાંયરા | ૭૪ |

# સેવક ભરૂડીયા ગામે આદિનાથ જિનાલયે સાતમી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ તા.૨૦/૨/૧૨

## પાવન નિશ્રા : પુ.સા.શ્રી કલ્પરસાશ્રીજી મ.સા. તથા પુ.સા.શ્રી હીતદર્શાશ્રીજી મ.સા.

## ધ્વજારોહણના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)


મનોહારી મુળનાયક પ્રતિમા દર્શન


ધ્વજારોહણના લાભાર્થી પરિવારની બહેનો


સત્તરભેદી પુજા ભણાવતા ભાવિકો


પ્રદક્ષિણા કરતા હેમલતા તથા મહેન્દ્ર માણીલાલ દંડ


પ્રદક્ષિણા કરતા ઉર્મિલા તથા અશોક મણીલાલ દંડ


પ્રદક્ષિણા કરતા સંગીતા તથા રાજેશ માણીલાલ દંડ


પ્રદક્ષિણા કરતા સંગીતા કિશોર લાપસીયા


પ્રદક્ષિણા કરતા રતિલાલ વાઘજી અનમ


પ્રદક્ષિણા કરતા બાયાંબાઈ તથા ઉમરશી ઘરમશી



પ્રદક્ષિણા કરતા ભાવના તથા વનરાજ દામજી ઘુલ્લા


પ્રદક્ષિણા કરતા મણીબેન તથા ગોવિંદજી ગાંગજી લાપસીયા


પ્રદક્ષિણા કરતા રમિલાબેન તથા મહેન્દ્ર મેઘજી માલદે


પ્રદક્ષિણા કરતા હંસાબેન તથા રાયચંદ દામજી ઘુલ્લા


પ્રદક્ષિણા કરતા પ્રિયંકા તથા નિખીલ વનરાજ ઘુલ્લા


પ્રદક્ષિણા કરતા ખુશ્બુ તથા ચિરાગ વનરાજ ઘુલ્લા


પ્રદક્ષિણા કરતા નિશા તથા ધમેશ શાંતિલાલ લાપસીયા


પ્રદક્ષિણા કરતા છાયા તથા પિયુષ મહેન્દ્ર દંડ


પ્રદક્ષિણા કરતા જયશ્રી રાજેશ તથા તન્વી અને સુરભી


C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Saturday / Monday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# સેવક ભરૂડીયા ગામે આદિનાથ જિનાલયે સાતમી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ તા.૨૦/૨/૧૨


પૂ.સા.શ્રી કલ્પરસાશ્રીજી તથા હિતદર્શાશ્રીજી મ.સા.


પ્રદક્ષિણા કરતા ભારતી તથા રજનીકાંત ઉમરશી ધરમશી


પ્રદક્ષિણા કરતા દિવ્યાબેન તથા લક્ષ્મીચંદ સાવલા


પ્રદક્ષિણા કરતા લક્ષ્મીબેન અને કાંતિલાલભાઈ લોડાયા


પ્રદક્ષિણા કરતા મંજુબેન તથા રાયચંદભાઈ નાગડા


પ્રદક્ષિણા કરતા કલ્પના અને મનોજ કુંવરજી દંડ


પ્રદક્ષિણા કરતા મનિષા તથા નિલેશ ધનકુમાર દંડ


પ્રદક્ષિણા કરતા નિરજ તથા ધવલ કિશોર લાપસીયા


પ્રદક્ષિણા કરતા દર્શના તથા નિકેશ રજનીકાંત ધરમશી


પ્રદક્ષિણા કરતા હેમાંશી તથા વિરલ રાજેશ દંડ


પ્રદક્ષિણા કરતા ચંદ્રા અને અરવિંદ વિરચંદ દંડ


પ્રદક્ષિણા કરતા
શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી


રાયણ પગલે ધ્વજા ચડાવતા
શ્રી રાજેશભાઈ દંડ


લહેરાતી ધ્વજા સાથે લાભાર્થી પરિવારના યુવા સભ્યો

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**